આજનો સુવિચાર

સમયનું ચક્ર ખૂબ જ ઝડપથી આગળ વધે છે, તેથી તમારી શક્તિ અને સંપત્તિને ક્યારેય નકારશો નહીં

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૯૬ જૂનાગઢ તા.૦૫-૦૪-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 96, Junagadh : Date : 05 April, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# રીઝર્વ બેંકે સતત સાતમી વખત વ્યાજદર યથાવત રાખ્યા : લોનનાં હપ્તામાં રાહત નહી

## રેપોરેટ ૬.૫૦ ટકા યથાવત : ફુગાવાનો દર ૪ ટકા રાખવાનો લક્ષ્યાંક



નવી દિલ્હી, તા.૫: દેશમાં ફુગાવાની સ્થિતિ હળવી થઈ હોવા છતાં પણ હજું આગામી સમયના ચોમાસા તથા વૈશ્વિક પરિબળો- ક્રુડતેલના ભાવમાં ફરી વધારો સહિતના કારણોસર રીઝર્વ બેંકે વ્યાજદર યથાવત રાખવા નિર્ણય લીધો છે.

અગાઉ પણ રીઝર્વ બેંકે તેની ફેબ્રુઆરીની નાણાકીય નીતિમાં,સતત છઠ્ઠી વખત રેપો રેટને ૬.૫૦ ટકા પર સ્થિર રાખ્યો હતો. આજે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિની પ્રથમ બેઠક યોજાઈ હતી આમાં ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. એવી અપેક્ષા હતી કે આરબીઆઈ ચૂંટણી પહેલા તેના નિર્ણયથી આશ્ચર્યચકિત થઈ શકે છે, પરંતુ રીઝર્વ બેંકે સતત સાતમી વખત રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. મતલબ કે તમને અત્યારે EMIમાં રાહત નહીં મળે.

રીઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૫ની પ્રથમ આરબીઆઈ નાણાકીય નીતિની બેઠકમાં રેપો રેટને સ્થિર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સેન્ટ્રલ બેંકે સતત ૭મી નાણાકીય નીતિ માટે રેપો રેટને ૬.૫૦ ટકા પર સ્થિર રાખ્યો છે. ગવર્નરે કહ્યું કે અમે અત્યારે રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો છે. આનો અર્થ એ છે કે તમને વર્તમાન EMIમાં રાહત નહીં મળે.

રીઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતની અર્થવ્યવસ્થા ૭ ટકાની ઝડપે વૃદ્ધિ પામશે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપીની વાસ્તવિક વૃદ્ધિ ૭.૧ ટકા, બીજા ક્વાર્ટરમાં ૬.૯ ટકા અને ત્રીજા-ચોથા ક્વાર્ટરમાં ૭ ટકા રહેવાનો અંદાજ છે.

રીઝર્વ બેંકનાં ગવર્નરે કહ્યું કે ખાદ્યપદાર્થોની કિંમતોમાં અનિશ્ચિતતાના કારણે ફુગાવો વધવાની સંભાવના છે. મોંઘવારી દરમાં વધારાને લઈને રીઝર્વ બેંક સતર્ક છે. MSF દર ૬.૭૫% પર જાળવવામાં આવ્યો છે. રીઝર્વ બેંકનાં ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે MPCના ૬માંથી પાંચ સભ્યો રેપો રેટ યથાવત રાખવાની તરફેણમાં હતા.

## કોવિડથી પણ ૧૦૦ ગણી વધુ ખતરનાક મહામારીનું જોખમ તોળાઈ રહયું છે

નવી દિલ્હી,તા. ૫: વર્ષ ૨૦૨૦ની શરૂઆતથી જ દુનિયાભરમાં કોહરામ મચાવી દેનારા કોરોના વાયરસના ભયમાંથી હજુ દુનિયા બહાર આવી નથી ત્યાં એક નવી મહામારીનું જોખમ તોળાઈ રહ્યું છે. આ બધા વચ્ચે વિશેષજ્ઞો બર્ડ ફ્લૂ મહામારીની સંભાવના પર ખતરાની ઘંટી વગાડી રહ્યા છે. તેમનું કહેવું છે કે આ મહામારી કોવિડ ૧૯ સંકટથી પણ વધુ વિનાશકારી બની શકે છે. બર્ડ ફ્લૂનો Û5V1 સ્ટ્રેન સૌથી વધુ ગંભીર જોખમ ઊભું કરી શકે છે. વાયરસ પર રિસર્ચ કરનારા વૈજ્ઞાનિકોએ સંકેત આપ્યા છે કે ૐપ૬૧ એક વૈશ્વિક મહામારીને ટ્રિગર કરી શકે છે. તે ‘ખતરનાક રીતે ખુબ જ નજીક’ પહોંચી રહી છે.

અત્રે જણાવવાનું કે ગાય, બિલાડી, મનુષ્યો સહિત વિવિધ સસ્તન જીવોમાં Û5V1 સંક્રમણ મળી આવ્યું છે. જેના પગલે વૈજ્ઞાનિકોએ આ વાયરસ પર રિસર્ચ કરવાનું શરૂ કર્યું. આ વાયરસ મનુષ્યો વચ્ચે વધુ સરળતાથી ફેલાઈ રહ્યો છે. વાયરસના મ્યુટેશને ચિંતા પેદા કરી છે. એક રિપોર્ટમાં કહેવાયું છે કે આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે કે જયારે અમેરિકી રાજય ટેક્સાસમાં એક ડેરી ફાર્મમાં કામ કરતો વ્યકતિ H5N1 વાયરસથી પોઝિટિવ મળી આવ્યો. રિપોર્ટમાં કહેવાયું છે કે દર્દીનો ટેક્સાસમાં ડેરીના જાનવરો સાથે સીધો સંપર્ક હતો જેના કારણે તે બર્ડ ફ્લૂથી સંક્રમિત હોવાની શંકા હતી. હાલ તેનો એન્ટીવાયરલ ઉપચાર ચાલુ છે અને તે ઠીક થઈ રહ્યો છે. કોલોરાડોમાં ૨૦૨૨ના કેસ બાદ અમેરિકામાં ઈન્ફલૂએન્ઝા એ (H5N1) માટે કોઈ પણ વ્યકતિના સકારાત્મક પરીક્ષણનો આ બીજો કેસ છે.

## હિમાચલપ્રદેશમાં ગતરાત્રે ૫.૩ની તિવ્રતાનો ભુકંપનો આંચકો

સીમલા, તા.૫: હિમાચલ પ્રદેશમાં ગતરાત્રે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રાજ્યના બિલાસપુર, મંડી અને કુલ્લુમાં જોરદાર ભૂકંપ આવ્યો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા જારી કરવામાં આવેલી માહિતી અનુસાર, ગુરુવારે રાત્રે ૯.૩૪ કલાકે જોરદાર ભૂકંપ આવ્યો હતો, જેના કારણે વિસ્તારના લોકો ભયભીત થઈ ગયા હતા અને ઘરની બહાર આવી ગયા હતા. ચંદીગઢની સાથે પંજાબ અને હરિયાણાના વિવિધ ભાગોમાં પણ ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલા અપડેટ મુજબ હિમાચલ પ્રદેશમાં ગતરાત્રે આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ માપવામાં આવી હતી.

## ઓસ્ટ્રેલીયામાં ૨૦ વર્ષ સુધી ચાલનારા ભયંકર દુકાળનો ખતરો

સીડની,તા. ૫: વિશ્વનાં સૌથી નાના ખંડ અને વિશાળ દેશ ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુષ્કાળનો ખતરો મંડાઈ રહયો છે એવી ચેતવણી વૈજ્ઞાનિકોએ આપી છે. નવાઈની વાત તો એ છે કે થોડાક વર્ષો પછી શરુ થનારો સંભવત દુષ્કાળ એક કે બે નહી ૨૦ વર્ષ સુધી ચાલી શકે છે. રિસર્ચ ટીમે ભૂતકાળમાં પડેલા દુષ્કાળના સમગ્ર સ્પેકટ્રમનો અભ્યાસ કર્યો હતો. કલાયમેટ મોડેલની મદદથી વૈજ્ઞાનિકોએ છેલ્લા ૧૨૫૦ વર્ષના દુષ્કાળને સ્ટીમુલેટ કર્યા હતા.

ઓસ્ટ્રેલિયાની અનેક યુનિવર્સિટીઓએ સંયુકત રીતે મળીને સ્ટડી મોડલ તૈયાર કર્યુ છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે ઓસ્ટ્રેલિયામાં ઝડપથી એક મેગાડ્રોટ આકાર લઈ શકે છે. મેગા ડ્રોટ વર્ષો સુધી ચાલશે તો તેનો પ્રભાવ ઈકો સિસ્ટમ અને માનવીઓ પર પડશે. સાયન્ટીસ્ટોના ધ્યાનમાં આવ્યું છે કે પહેલા પણ આ પ્રકારના દુષ્કાળો નોંધાઈ ચુકયા છે. ઔધોગિક ક્રાંતિ પહેલા અને ૨૦ મી સદીમાં રણ મેગાડ્રોટ જોવા મળ્યા હતા.

એકાંદ કે બે વર્ષના દુષ્કાળથી પર્યાવરણ અને ઈકો સિસ્ટમને ખાસ નુકસાન થતું નથી પરંતુ લાંબા ગાળાના દુષ્કાળ ખૂબજ ભયંકર અસર ઉભી કરે છે. કયારેક તો મેગાડ્રોટની અસર દાયકાઓ સુધી રહેતી હોય છે. સંશોધકોએ નોંધ્યું હતું કે અમેરિકાના દક્ષિણ પશ્ચીમ વિસ્તારમાં ૨૧ મી સદીની શરુઆતમાં ભયંકર દુષ્કાળ પડયો હતો, આ દુષ્કાળને ૨૪ વર્ષ થયા પછી પણ તેની અસર વર્તાઈ રહી છે.

## રૂપાલાની ટીકીટ રદ કરવા ભાજપે કોઈ સંકેત આપ્યો નથી : ક્ષત્રીય અને પાટીદાર સમાજે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી



રાજકોટ,તા.૫

રાજકોટની લોકસભા બેઠકનાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના સમાજ સામેનાં વિધાનોના વિવાદમાં રાજકીય સામાજીક રીતે ‘વેઈટ એન્ડ વોચ’ની સ્ટ્રેટેજી શરૂ થયાના સંકેતો છે. ઉમેદવાર બદલવાની માંગ કરી રહેલા ક્ષત્રિય સમાજની માંગણી સ્વીકારવા વિશે ભાજપ દ્વારા કોઈ સ્પષ્ટ નિર્દેશ કરાયો નથી. વિપરીત પણે સુચક રીતે રૂપાલાએ દિલ્હીથી પરત આવીને આજે સવારથી પ્રચાર પણ શરૂ કરી દીધો છે.

બીજી તરફ ગુરૂવારે સાંજે પાંચ વાગ્યા સુધીનું અલ્ટીમેટમ આપનાર ક્ષત્રીય સમાજ દ્વારા પણ કોઈ આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર કરાયા નથી. ઉલટાનું રાજકોટમાં યોજાનારૂ મહાસંમેલન પણ પાછુ ઠેલ્યુ છે.


રાજકોટની બેઠકનાં ભાજપનાં ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદે સમગ્ર ગુજરાતમાં પ્રત્યાઘાતો સર્જયા છે. ત્યારે આ મામલે ભાજપ નેતાગીરીના વલણ પર મીટ માંડવામાં આવી રહી હતી.પરંતુ હાઈ કમાંડ દ્વારા કોઈ સ્પષ્ટ જાહેરાત નહી થતા સસ્પેન્સ અટકળો યથાવત રહ્યા છે. વિવાદાસ્પદ વિધાનો બદલ સજારૂપે રૂપાલાની ટીકીટ રદ કરવા ક્ષત્રિય સમાજની માંગ રહી છે. ૧૨-૧૩ દિવસથી ક્ષત્રિય સમાજ રૂપાલા વિરૂદ્ધ અભિયાન ચલાવી રહ્યો છે.

પરંતુ ભાજપ દ્વારા માંગ સ્વીકારવાની દિશામાં કોઈ સંકેત આપ્યો નથી.દિલ્હી ગયેલા રૂપાલા ગઈકાલે ગુજરાત પરત આવ્યા હતા.અમદાવાદમાં સંગઠન મહામંત્રી રત્નાકરજી સાથે પોણો કલાક બેઠક કરી હતી. મીડીયા સાથે વાતચીતમાં તમામ સમાજનું સમર્થન અકબંધ હોવાનો રૂપાલાએ દાવો કર્યો હતો.

આજે સવારથી ફરી પ્રચાર શરૂ કરી દીધો છે. આશાપુરા માતાજીનાં મંદિરે જઈને આજે સવારે દર્શન કર્યા હતા.

આ સિવાય તેમનાં સમર્થનમાં પાટીદાર સમાજે પણ સભા સહીતનાં કાર્યક્રમો સ્થગીત કરી દીધા છે. રૂપાલાના સમર્થનમાં લગાવાયેલા બેનરો આચાર સંહીતાનો ભંગ ગણીને ઉતારી લેવાયા છે.રૂપાલાનો પ્રચાર સૂચક ગણવામાં આવે છે.જયારે ભાજપનું વલણ વેઈટ એન્ડ વોચ હોવાનું ગણવામાં આવે છે.

## ડુંગળી, બટેટા, ટમેટાનાં ભાવમાં ભડકો : કિચનનાં બજેટ બગડયા



મુંબઈ, તા ૫

મોંઘવારીની અસર કીચન પર પડી રહી છે. માર્ચ મહિનામાં શાકાહારી થાળી વાર્ષિક ધોરણે ૭ ટકા મોંઘી થઈ હતી અને તેનું મુખ્ય કારણ ડુંગળી, ટામેટા અને બટેટાના ભાવમાં વધારો છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિસિસે તેના માસિક ‘રોટી રાઈસ રેટ’ રિપોર્ટમાં જણાવ્યું હતું કે ઓછી આવક અને નીચા બેઝ રેટને કારણે ડુંગળીના ભાવમાં ૪૦ ટકા, ટામેટાના ભાવમાં ૩૬ ટકા અને બટાકાના ભાવમાં ૨૨ ટકાનો વધારો થયો છે. શાકાહારી થાળી રોટલી, શાક, ભાત, દાળ, દહીં અને સલાડ સાથે આવે છે. માર્ચમાં આ થાળીની કિંમત વધીને ૨૭.૩ રૂપિયા પ્રતિ થાળી થઈ હતી, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૨૫.૫ રૂપિયા હતી. જોકે, શાકાહારી થાળીની કિંમત ફેબ્રુઆરીમાં ૨૭.૪ રૂપિયાની સરખામણીએ માર્ચમાં ઘટી છે. માંસાહારી થાળીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો મરઘાંના ભાવમાં ઘટાડાને કારણે ગત મહિને માંસાહારી થાળીની કિંમતમાં સાત ટકાનો ઘટાડો થયો હતો. માંસાહારી થાળીનો ભાવ ગયા મહિને ઘટીને રૂ. ૫૪.૯ થયો હતો જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૫૯.૨ હતો. પરંતુ તેની કિંમત ફેબ્રુઆરીમાં ૫૪ રૂપિયા પ્રતિ પ્લેટ કરતા વધુ છે.

## સંયુકત કિસાન મોર્ચો દેશભરમાં ભાજપનું ટેન્શન વધારશે : ૯ એપ્રિલે નિર્ણય કરશે



નવી દિલ્હી તા. ૫

લોકસભા ચૂંટણી, પક્ષોની જોરદાર તૈયારી વચ્ચે વિરોધ કરતા ખેડૂતોનું એક દ્રશ્ય ચંડીગઢમાં ચંદીગઢમાં જોવા મળી રહ્યું છે. ભાજપે ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. દરમિયાન યુનાઈટેડ કિસાન મોરચાએ સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોનો વિરોધ કરવાની જાહેરાત કરી છે. ચંદીગઢમાં સંયુક્ત કિસાન મોરચાની બેઠક યોજાઈ હતી જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ખેડૂત નેતા બલબીર સિંહ રાજેવાલે કહ્યું કે મોરચાએ સમગ્ર દેશમાં ભાજપના ઉમેદવારોનો વિરોધ કરવાનો નિર્ણય લીધો છે. જો કે, વિરોધ કેવી રીતે કરવામાં આવશે તે નક્કી કરવા માટે પાંચ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. આ સમિતિ નક્કી કરશે કે આગામી દિવસોમાં ખેડૂતો દેશભરમાં ભાજપ સામે કેવી રીતે વિરોધ કરશે.

તેમણે કહ્યું કે હવે જે ખેડૂતો વિરોધ કરી રહ્યા છે તે પોતાની રીતે કરી રહ્યા છે અને ખેડૂતોનો આ ગુસ્સો ભાજપ તરફ છે. સંયુકત કિસાન મોર્ચા દ્વારા ૯મી એપ્રિલે બેઠક યોજાશે. આ બેઠકમાં જ સમગ્ર ભૂમિકા બનાવવામાં આવશે.

## લોકસભાની ૫૪૩ માંથી ૨૫૦ બેઠકો પર બહુકોણીય જંગ જામશે

નવી દિલ્હી તા. ૫ : લોકસભા ચૂંટણી ૨૦૨૪ અગાઉની લોકસભા ચૂંટણી વધુ રોમાંચક બની રહેશે. તેનું કારણ એ છે કે કુલ ૫૪૩ બેઠકોમાંથી લગભગ અડધી બેઠકો પર બહુકોણીય હરીફાઈ થવાની છે. આ ચૂંટણીમાં ગઠબંધન જેવો કોઈ ‘ત્રીજો મોરચો’ નથી. બે મુખ્ય ગઠબંધન મેદાનમાં છે. એક NDA અને બીજું ઈન્ડીયા. આ બંને ગઠબંધનમાં ૮૦ પાર્ટીઓ સામેલ છે. ૪૫ ટકા બેઠકો પર બહુકોણીય હરીફાઈ ચૂંટણીને રસપ્રદ બનાવી રહી છે.

ઉદાહરણ તરીકે ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં લગભગ એક ચતુર્થાંશ (૧૪૪) સભ્યો આ ત્રણ રાજયોમાંથી ચૂંટાય છે. ૨૦૧૯માં અહીં દ્વિપક્ષીય હરીફાઈ હતી, પરંતુ આ વખતે સ્થિતિ અલગ હોઈ શકે છે.

## દેશભરમાં એપ્રિલથી જૂન સુધી કાળઝાળ ગરમી પડશે : એસી, ઠંડા પીણાની માંગમાં વધારો થશે



નવી દિલ્હી તા. ૫ : હવામાન વિભાગે આ સપ્તાહની શરૂઆતમાં આગાહી કરી હતી કે એપ્રિલથી જૂન સુધી દેશના મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ગરમી પડશે. મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે અને દક્ષિણ દ્વીપકલ્પ, મધ્ય ભારત, પૂર્વ ભારત અને ઉત્તર-પશ્ચીમી મેદાનોમાં સામાન્ય કરતાં વધુ દિવસો સુધી હીટવેવ મોજું ચાલુ રહેશે.

આ આગાહી સાથે, (દૈનિક ઉપયોગનો માલ) અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ કંપનીઓના ટોચના અધિકારીઓ ખુશ જણાય છે કારણ કે તેઓ અપેક્ષા રાખે છે કે આ ઉનાળામાં તેમના ઉત્પાદનોની માંગમાં જબરદસ્ત વધારો થશે. ગત વર્ષે કમોસમી વરસાદને કારણે તેમનું વેચાણ ઘટી ગયું હતું.

એર કન્ડીશનર માર્કેટમાં અગ્રણી વોલ્ટાસના પ્રવકતાએ જણાવ્યું હતું કે ઉદ્યોગ આ વખતે ઓનલાઈન અને ઓફલાઈન માર્કેટમાં બે આંકડામાં વેચાણ વૃદ્ધિની અપેક્ષા રાખે છે. તેમણે કહ્યું, ‘અમને ઉનાળાની મોસમથી ઘણી આશા છે અને ACના વેચાણમાં સારી વૃદ્ધિની શક્યતાઓ છે. અમે વધેલી માંગને પહોંચી વળવા માટે પહેલેથી જ તૈયાર છીએ.


## ઈરાનમાં આતંકવાદી હુમલો : ૨૭નાં મોત

તહેરાન,તા. ૫: ઈરાનના ચાબહાર અને રસ્ક શહેરોમાં આતંકી હુમલા થયા છે. શંકાસ્પદ સુન્ની મુસ્લીમ આતંકવાદીઓએ દક્ષિણ-પૂર્વ પ્રાંત સિસ્તાન-બલુચેમાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના મુખ્યાલય પર હુમલો કર્યો હતો, જેમાં ૧૧ સુરક્ષા કર્મચારીઓ અને ૧૬ નાગરિકોના મોત થયા છે.

ઈરાનના સરકારી ટીવી અનુસાર ચાબહાર અને રસ્ક શહેરમાં જૈશ અલ-અદલ જૂથ અને સુરક્ષા દળો વચ્ચે રાતોરાત અથડામણ થઈ હતી. આતંકવાદીઓ ચાબહાર અને રસ્કમાં ગાર્ડ હેડક્વાર્ટરને કબજે કરવાના તેમના ધ્યેયને હાંસલ કરવામાં નિષ્ફળ ગયા હતા. જૈશ અલ-અદલ કહે છે કે તે શિયા પ્રભુત્વ ધરાવતા ઈરાનમાં વંશીય લઘુમતી બલુચીઓ માટે વધુ અધિકારો અને જીવનની સારી સ્થિતિ ઈચ્છે છે.


પાણીનાં ભાવમાં.... પાણીનાં ભાવમાં....
શો-રૂમ બંધ કરવાનો હોવાથી જૂજ સ્ટોક...
પાણીના ભાવમાં વહેલા તે પહેલા ધોરણે
જીન્સ પેન્ટ ૨૬ થી ૩૦ કમર : રૂા. ૧૫૦/-
ન્યુ બ્રાન્ડ ટીશર્ટ L સાઈઝ રૂા. ૧૫૦/-
તેમજ સ્કુલ યુનિફોર્મ ફાયદામાં
બોમ્બે બજાર, જેનિલી શોપીંગ સેન્ટર, ત્રીજા માળે, જૂનાગઢ. મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુ:ખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જાયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો


હીટવેવના દિવસો પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા

# ઉનાળામાં અવિરત વીજ પુરવઠો ચાલુ રાખવા સરકારની તડામાર તૈયારી

## મેન્ટેનન્સ કે બીજા કારણોથી બંધ રહેલા તમામ પ્લાન્ટ્સ ઝડપથી ચાલુ કરવા તાકીદ



(સંપૂર્ણ સમાચાર સેવા)


નવી દિલ્હી, તા.૫

હવામાન વિભાગે લાંબા અને ભીષણ ઉનાળાની આગાહી કરી છે ત્યારે સરકાર ઉનાળાની સીઝનમાં વીજળીની ઊંચી માગને પહોંચી વળવા માટે શક્ય તમામ શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. સરકારે તમામ વીજળી પ્લાન્ટને સંપૂર્ણ ક્ષમતા પર કામ કરવાની તાકીદ કરી છે, એમ ઉર્જા પ્રધાન આર કે સિંહે ગુરુવારે જણાવ્યું હતું. સરકારે મેન્ટેન્સ અથવા અન્ય કારણોસર બંધ રહેલા તમામ પ્લાન્ટોને ઝડપથી ફરી ચાલુ કરવા અને ચોક્કસ વપરાશકર્તાઓને માટેના જનરેટિંગ સ્ટેશનો પર ઉપલબ્ધ વધારાની વીજળીનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

સરકાર એ પણ સુનિશ્ચિત કરી રહી છે કે થર્મલ પાવર પ્લાન્ટ્સ પાસે જૂન સુધી ચાલે તેટલા કોલસાનો સ્ટોક ઉપલબ્ધ બને. સરકારે તમામ પાવર યુનિટ્સને સરપ્લસ વીજળી પાવર એક્સચેન્જમાં ઓફર કરવાની પણ સૂચના આપી છે. પ્રધાને કોઈપણ વિક્ષેપ વિના ઉનાળાની ટોચની માંગને પહોંચી વળવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે અમે અમારી થર્મલ, હાઈડ્રો, રિન્યુએબલ અથવા ગેસ આધારિત પાવર પ્લાન્ટની તમામ ઉત્પાદન ક્ષમતાને એકજૂથ કરી રહ્યાં છીએ. તેથી મને લાગે છે કે અમે માંગને પહોંચી વળીશું. ઊર્જા મંત્રાલયના અંદાજ મુજબ આ ઉનાળામાં (એપ્રિલ-જૂન) વીજળીની ટોચની માગ ૨૬૦ ગીગાવોટ (જીડબલ્યુ) રહેશે, જે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ૨૪૩ ગીગાવોટના રેકોર્ડ કરતાં વધુ છે. મંત્રાલયને ગયા વર્ષે ૨૨૯GW પીક પાવર ડિમાન્ડનો અંદાજ હતો, પરંતુ કમોસમી વરસાદને કારણે સપ્ટેમ્બર ૨૦૨૩માં માંગ ૨૪૩ GW નોંધાઈ હતી, જે અત્યાર સુધીની સર્વોચ્ચ છે. આ વર્ષે ભારતીય હવામાન વિભાગ એ આગાહી કરી છે કે ભારતમાં એપ્રિલ-જૂન (ઉનાળા) સમયગાળા દરમિયાન ભીષણ ગરમીનો અનુભવ થશે. આ હીટવેવના દિવસો પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગના અનુમાન મુજબ, દેશના વિવિધ ભાગોમાં ૧૦ થી ૨૦ દિવસ સુધી હીટવેવ રહેવાની ધારણા છે. આર કે સિંહે જણાવ્યું હતું કે પાવર પ્લાન્ટ્સમાં કોલસાનો સ્ટોક સારો છે. હાલમાં આપણી પાસે લગભગ ૪૫ મિલિયન ટન (પાવર પ્લાન્ટ્સમાં) કોલસાનો સ્ટોક છે.

૨,૦૦૦ કિમીની રેન્જના મિસાઈલથી લશ્કરની તાકાતમાં વધારો થશે

# પરમાણુ ક્ષમતાવાળી અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ રાત્રિ પરીક્ષણ



નવી દિલ્હી, તા.૫

ભારતે ઓડિશાના દરિયાકાંઠે અબ્દુલ કલામ ટાપુ પરથી પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ પ્રાઈમ'નું રાત્રે સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું છે, જેનાથી દેશની વ્યૂહાત્મક પ્રતિરોધક ક્ષમતામાં વધારો થયો છે. સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એ સાથે મળીને ૧,૦૦૦ થી ૨,૦૦૦ કિમીનાં અંતરનાં લક્ષ્યાંક પર પ્રહાર કરતી મિસાઈલ પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરીક્ષણ બુધવારે સાંજે હાથ ધરાયું હતું અને પરીક્ષણમાં તમામ ઉદ્દેશો હાંસલ થયા હતાં. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સફળ પરીક્ષણ માટે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ અને સશસ્ત્ર દળોને અભિનંદન આપ્યા હતા અને જણાવ્યું હતું કે આમીમાં મિસાઈલના સમાવેશથી આમીની ક્ષમતામાં અનેક ગણો વધારો થશે.

આ પ્રક્ષેપણ દરમિયાન ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડના વડા અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન અને ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતાં.જનરલ ચૌહાણ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના અધ્યક્ષ સમીર વી કામતે સફળ પરીક્ષણ માટે સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના પ્રયાસોની પ્રશંસા કરી હતી. ગયા મહિને ભારતે 'મિશન દિવ્યાસ્ત્ર' હેઠળ મલ્ટિપલ ઈન્ડિપેન્ડલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ સાથે સ્વદેશી રીતે વિકસિત અગ્નિ-૫ મિસાઈલનું પ્રથમ પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું હતું. આની સાથે ભારત આવી ક્ષમતા ધરાવતા દેશોની યાદીમાં સામેલ થયું હતું. મલ્ટિપલ ઈન્ડિપેન્ડલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ ટેકનોલોજી સાથેના મિસાઈલ વિવિધ ટાર્ગેટ પર બહુવિધ પ્રહાર કરી શકે છે. અગ્નિ-ફ મિસાઈલની રેન્જ ૫,૦૦૦ કિમી સુધી છે અને તે ચીનના ઉત્તરીય ભાગ તેમજ યુરોપના કેટલાક વિસ્તારો સહિત લગભગ સમગ્ર એશિયાને તેની પ્રહાર શ્રેણી હેઠળ લાવી શકે છે.

કેમિકલથી પકવવામાં આવે છે કેરી

# માર્કેટમાં વેચાઈ રહી છે કેમિકલવાળી ઝેરી કેરી



## આ સિઝનમાં કેરી કાચી જ હોય છે, હજુ કેરી પાકવાની સિઝન નથી આવી, પણ તેમ છતાં પણ બજારમાં પાકેલી કેરી જોવા મળી રહી છે

અમદાવાદ , તા.૫

હાલમાં માર્કેટમાં કાચી કેરી દેખાઈ શકે છે. આ સિઝનમાં કેરી કાચી જ હોય છે. હજુ કેરી પાકવાની સિઝન નથી આવી. પણ તેમ છતાં પણ બજારમાં પાકેલી કેરી જોવા મળી રહી છે. ઉનાળો શરુ થઈ ચુક્યો છે. ધીમે ધીમે પારો આકાશે આંબી રહ્યો છે. તડકાથી ચામડી બળી રહી છે. તેની સાથે જ માર્કેટમાં ગરમીની સીઝનના ફળ અને શાકભાજી દેખાવા લાગ્યા છે. વાત જો ગરમીની કરીએ તો, કેરીનો ઉલ્લેખ ન થાય, એવું તો કેમ બને. ફળોના રાજા કેરીની રાહ સૌ કોઈ જોતા હોય છે. જો કે, માર્કેટમાં હવે ઝેરી કેરી પણ વેચાવા લાગી છે. જો તમે પણ કેરી લવર છો, તો આ વીડિયો આપના માટે છે. કેરીની કેટલીય વેરાયટી હાલમાં બજારમાં જોવા મળશે.

કેટલીય જગ્યાએ તેમને પાકેલી કેરી પણ દેખાસે. પણ જો તમે આ કેરીને ચેક કર્યા વિના ખાઈ લેશો તો આપના માટે જીવલેણ સાબિત થશે. જી હાં, માર્કેટમાં વેચાઈ રહેલી મોટા ભાગની કેરી આર્ટિફિશિયલ રીતે પકવેલી હોય છે. જો તેનો ઉપયોગ કરવામાં આવે અને આ કેમિકલ તમારી બોડીમાં જાય તો આપના માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. હાલમાં માર્કેટમાં કાચી કેરી દેખાઈ શકે છે. આ સિઝનમાં કેરી કાચી જ હોય છે.

હજુ કેરી પાકવાની સિઝન નથી આવી. પણ તેમ છતાં પણ બજારમાં પાકેલી કેરી જોવા મળી રહી છે. હકીકતમાં જોઈએ તો, આ કેરીને પકવવા માટે કેમિકલનો ઉપયોગ થાય છે. આ કેમિકલ પ્રતિબંધિત છે. ત્યાર બાદ પણ ધડાધડ કેરીઓ પકવવા માટે તેનો ઉપયોગ થાય છે. આ કેમિકલનું સેવન કરવાથી હેલ્થને ઘણું નુકસાન થાય છે. સોશિયલ મીડિયા પર એક શખ્સે આવી રીતે ઝેરી કેરીને ચેક કરવાની રીત જણાવી છે. શખ્સે જણાવ્યું છે કે, જો તમે આ ઝેરી કેરીને ખાઈ લેશો તો, આપના હેલ્થ પર ખરાબ અસર પડશે. આ કેરીને તપાસ માટેની એક સરળ રીત છે. જો તમે આ કેરીને પાણીમાં ડુબાડશો તો તે પાણીમાં ડૂબી ગઈ, એટલે કે કેરી પ્રાકૃતિક રીતે પાકેલી છે. જ્યારે પાણીની ઉપર તરે તો સમજી જજો કે આ કેરી કેમિકલથી પકવેલી છે. તેથી તેનું સેવન ન કરવું જોઈએ.

ભારતની ટી૨૦ ટીમનો સુકાની વહેલા જાહેર કર્યો હોત તો

# રોહિતે મુંબઈ ઈન્ડિયન્સની કપ્તાની ગુમાવી ના હોત: સિધૂ

## રોહિત શર્માને ખસેડીને મુંબઈ ઈન્ડિયન્સનો સુકાની બન્યા બાદ હાર્દિક પંડ્યાની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે



નવી દિલ્હી , તા.૫

પૂર્વ ભારતીય ક્રિકેટર નવજોત સિંઘ સિધૂના મતે જો બીસીસીઆઈએ રોહિત શર્માને ટી૨૦ વર્લ્ડ કપ માટે ગત વર્ષ જ ભારતની ટી૨૦ ટીમનો સુકાની જાહેર કરી દીધો હોત તો આઈપીએલ ફ્રેન્ચાઈઝ મુંબઈ ઈન્ડિયન્સે રોહિતને ખસેડીને હાર્દિક પંડ્યાને સુકાની બનાવ્યો ના હોત. બીસીસીઆઈએ ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં ભારતની ટી૨૦ વર્લ્ડ કપ ટીમનો સુકાની જાહેર કર્યો હતો. જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર ટી૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત થવાની બાકી છે. બીસીસીઆઈ સેક્રેટરી જાય શાહે અમદાવાદમાં એક કાર્યક્રમમાં રોહિતને ટી૨૦ વર્લ્ડ કપ માટે ભારતનો સુકાની જાહેર કર્યો હતો. ત્યારપછી બે મહિનાની અંદર હાર્દિક પંડ્યાને એમઆઈનો સુકાની બનાવાયો હતો. સિધૂએ આ મુદ્દે જણાવ્યું કે, બીસીસીસીઆઈએ ગત વર્ષે ઓક્ટોબર આસપાસ રોહિતને ટી૨૦ ટીમનો સુકાની જાહેર કરી દીધો હોત, તો તેણે મુંબઈની કપ્તાની ગુમાવી ના હોત. આ ફ્રેન્ચાઈઝ માટે એક સન્માનની બાબત ગણાત. ખરેખાર આ બધુ ટાઈમિંગને લીધે થયું છે. રોહિત શર્માને ખસેડીને મુંબઈ ઈન્ડિયન્સનો સુકાની બન્યા બાદ હાર્દિક પંડ્યાની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે અને તેને પ્રેક્ષકોના આક્રોશનો ભોગ બનવું પડ્યું છે. હાર્દિકના નેતૃત્વમાં મુંબઈનો તમામ ત્રણ મેચમાં પરાજય થયો છે. સોમવારે મુંબઈ તેના ગઢ ગણાતા વાનખેડેમાં પણ હાર્યું હતું અને પ્રેક્ષકોએ આ મેચમાં પણ હાર્દિકનો હૂરિયો બોલાવ્યો હતો. પ્રેક્ષકોની પ્રતિક્રિયા અપેક્ષિત છે કારણ કે રોહિત વધુ લોકપ્રિય ક્રિકેટર છે. સિધૂએ ઉમેર્યું કે, ભારતીય ટીમના નાયકે શું ખોટું કર્યું છે? શા માટે તેને ફ્રેન્ચાઈઝના સુકાની તરીકે બદલવામાં આવ્યો? આ બાબત કોઈપણ વ્યક્તિ પચાવી શકે નહીં. જો હાર્દિકના નેતૃત્વમા મુંબઈની ટીમ પ્રારંભિક મુકાબલા જીતી શક્યું હોત તો બહારનો અવાજ કદાચ શાંત પડી શક્યો હોત. આઈપીએલમાં અન્ય ટીમોની વાત કરતા સિધૂએ જણાવ્યું કે, બેંગલોરની ટીમનો ખાસ કરીને તેમની સ્પિન બોલિંગમાં તાગ મેળવવો સરળ બની ગયો છે. સિધૂના મતે આઈપીએલના દેખાવને આધારે તમામ દેશોને તેમની ટી૨૦ વર્લ્ડ કપ ટીમો તૈયાર કરવામાં નોંધપાત્ર મદદ મળશે. સમગ્ર વિશ્વ આઈપીએલની આસપાસ ઘૂમતું જોવા મળે છે. લીગમાં શાનદાર દેખાવ કરનાર ખેલાડી રાતોરાત સ્ટાર ખેલાડી બની જાય છે.

# રાષ્ટ્રપતિ મુર્મૂએ કેન્સરની સારવારની સ્વદેશી CAR T-સેલ થેરેપી લોન્ચ કરી

## વિદેશમાં રૂપિયા ૪ કરોડનો ખર્ચ : ભારતમાં ૧૦મા ભાગના ખર્ચે સારવાર કરવામાં આવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કેન્સરની સારવાર માટે દેશની પહેલી સ્વદેશી CAR T-સેલ થેરાપી લોન્ચ કરી છે. આઈઆઈટી, મુંબઇ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રપતિએ થેરાપીને 'મેક ઈન ઈન્ડિયા' માટે મોટી સિદ્ધિ ગણાવી હતી. આઈઆઈટી મુંબઈ અને ટાટા મેમોરિયલ સેન્ટર દ્વારા વિકસિત આ જિન આધારિત સારવારથી વિવિધ પ્રકારના કેન્સરને જડમૂળથી ખતમ કરવામાં મદદ મળશે. રાષ્ટ્રપતિએ તેને કેન્સર સામેની લડતમાં 'માનવ સમાજ માટે નવી આશા' ગણાવી હતી. NexCAR19 CAR ટી-સેલ થેરાપી દેશની પહેલી 'મેડ ઈન ઈન્ડિયા' CAR T-સેલ થેરાપી છે, જે કેન્સરની સારવારના ખર્ચમાં મોટો ઘટાડો કરશે. રાષ્ટ્રપતિ મુર્મૂએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "CAR T-સેલ થેરાપી તબીબી વિજ્ઞાનની આધુનિક અને અદ્ભૂત શોધ છે. તે 'મેક ઈન ઈન્ડિયા' ઝુંબેશની મોટી સફળતા છે, જે ભારતીય વૈજ્ઞાનિકોની કુશળતા દર્શાવે છે. દેશની પહેલી જિન થેરાપીનું લોન્ચિંગ કેન્સર સામેની લડતમાં મોટી સફળતા છે.

આ સારવાર વાજબી ભાવ સરળતાથી ઉપલબ્ધ બનશે." ટાટા મેમોરિયલ સેન્ટરના ડિરેક્ટર સુદીપ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "CAR T-સેલ થેરાપી બહુ મોંઘી સારવાર છે, જે મોટા ભાગના લોકોની પહોંચની બહાર છે. જોકે, NexCAR19 થેરાપી વિદેશની તુલનામાં દેશમાં દસમા ભાગના ખર્ચે લોન્ચ કરવામાં આવી છે." આઈઆઈટી બોમ્બેના ડિરેક્ટર પ્રોફેસર સુભાશિષ ચૌધરીએ જણાવ્યું હતું કે, વિદેશમાં આ સારવારનો ખર્ચ લગભગ રૂ.૪ કરોડ છે.

# મિત્રએ જ મિત્રનું ઢીમ ઢાળી દીધું, આરોપીનો ચોંકાવનારો ખુલાસો

સુરત,તા.૫

શહેરમાં છેલ્લા ઘણા સમયથી હત્યાના બનાવોમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. ત્યારે ખટોદરા વિસ્તારમાં આવેલા કોમલ સર્કલ નજીક થોડા દિવસ પહેલા એક યુવકની લાશ મળી આવી હતી. આ યુવાનના પીએમ રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, આ યુવાનની હત્યા કરવામાં આવી છે. જોકે પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ ઘટનાની તપાસ બાદ આજે સુરત ક્રાઈમ બ્રાન્ચે એક ઈસમની ધરપકડ કરી હતી. આ ઈસમ પોલીસ સામે કબૂલાત કરી હતી કે, મરનાર યુવક તેનો મિત્ર છે અને ચા નાસ્તા બાબતે થયેલા ઝઘડામાં તેણે તેના મિત્રની હત્યા કરી છે. આ વાત સાંભળતા જ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સુરતના ખટોદરા વિસ્તારમાં તારીખ ૩૧ માર્ચના રોજ બપોરના સમયે કોમલ સર્કલ પાસે આવેલા કોમલ ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડિંગ પાસે પાલિકા બજારના ખુલ્લા ભાગમાંથી એક લાશ મળી આવી હતી. તે દરમિયાન, પોલીસે લાશનો કબજો લઈ તેને પીએમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવી હતી. ત્યાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આ યુવકની કોઈ બોથડ પદાર્થ માથાના ભાગે માર મારી તેની હત્યા કર્યા હોવાની વિગતો સામે આવી હતી. આ બાદ, પોલીસે આ મામલે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જોકે આ ગુનાની તપાસમાં સુરત ક્રાઈમ બ્રાન્ચે આજરોજ વિનોદ પ્રફુલ શાહુ નામના એક યુવકની અટકાયત કરી તેની પૂછપરછ કરી હતી. આ પૂછપરછમાં તેણે પોલીસને જણાવ્યું હતું કે, આજથી સાત આઠ દિવસ પહેલા ૨૭-૩-૨૦૨૪ ના રાત્રે ૧૦:૦૦ વાગ્યાના સુમારે મરનાર શંકર કંચનભાઈ પટેલ અને વિનોદ શાહ બંને વચ્ચે ચા નાસ્તો કરવા બાબતે બોલાચાલી અને ઝઘડો થયો હતો. આથી, ગુસ્સોમાં શંકર પટેલે વિનોદ શાહુની ચા ઢોળી નાખી હતી. જેની અદાવત રાખીને વિનોદે શંકર પટેલને કૈલાસ કેટરર્સના ગોડાઉન પાસે કોમલ ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગ પાસે આવેલી પાલિકાના બજારના ખુલ્લા પ્લોટમાં લઈ ગયો હતો અને રાત્રીના અંધારાનો લાભ લઈને તેના માતાના ભાગે પથ્થર વડે માર મારી તેની હત્યા કરી નાખી હતી. આ વાત સામે આવતા પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે.

# વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ




૬ એપ્રિલએ વિકાસ અને શાંતિ માટે રમતગમતનો આંતરરાષ્ટ્રીય દિવસ એ સામાજિક પરિવર્તન, સમુદાય વિકાસ અને શાંતિ અને સમજણને પ્રોત્સાહન આપવા માટે રમતગમતની શક્તિની વાર્ષિક ઉજવણી છે. રમતગમતમાં આપણા જુસ્સા, ઉર્જા અને ઉત્સાહને સામૂહિક કારણની આસપાસ ગોઠવવાની શક્તિ છે અને તે ત્યારે જ છે જ્યારે આશાને પોષી શકાય છે અને વિશ્વાસ પાછો મેળવી શકાય છે. બધા માટે વધુ સારૂ અને વધુ ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરવા માટે રમતગમતની જબરદસ્ત શક્તિનો ઉપયોગ કરવો એ આપણા સામૂહિક હિતમાં છે." ઈન્ટરનેશનલ ડે ઓફ સ્પોર્ટ ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ(IDSDP), જે દર વર્ષે ૬ એપ્રિલે થાય છે, તે સમગ્ર વિશ્વમાં સમુદાયો અને લોકોના જીવનમાં રમતગમત અને શારીરિક પ્રવૃત્તિની સકારાત્મક ભૂમિકાને ઓળખવાની તક રજૂ કરે છે. ૨૦૨૪ ની વૈશ્વિક થીમ "શાંતિપૂર્ણ અને સમાવિષ્ટ સમાજોના પ્રમોશન માટે રમત" તેની વિશાળ પહોંચ, અપ્રતિમ લોકપ્રિયતા અને સકારાત્મક મૂલ્યોના પાયાના કારણે, રમત વિકાસ અને શાંતિ માટે સંયુક્ત રાષ્ટ્રના ઉદ્દેશ્યોમાં યોગદાન આપવા માટે આદર્શ રીતે સ્થિત છે. આ સંભવિતતાની જાગૃતિ વધારવા માટે, યુએન જનરલ એસેમ્બલી દ્વારા ૬ એપ્રિલને વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ(IDSDP) તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આ દિવસને અપનાવવો એ યુએન દ્વારા માનવ અધિકારોની પ્રગતિ અને સામાજિક અને આર્થિક વિકાસ ઉપર રમતગમતના હકારાત્મક પ્રભાવની વધતી જતી માન્યતા દર્શાવે છે.

# બિલખા ઉપસરપંચના બંને નાના દિકરાઓએ રોજા રાખતા વડીલો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા



(સુલ્તાન ચૌહાણ દ્વારા)

બિલખા તા.૫

હાલમાં મુસ્લીમોનો પવિત્ર રમજાન માસ ચાલતો હોય ત્યારે તમામ મુસ્લીમો રોજા રહીને અલ્લાહની ઈબાદત કરતા હોય છ. બિલખાના ઉપસરપંચ સોયેબભાઈ ચોટલીયાના બંને નાના પુત્રો મોઈન કે જે પાંચમાં ધોરણમાં અભ્યાસ કરે છે અને માહીર કે જે બીજા ધોરણમાં અભ્યાસ કરે છે. આ બંને બાળકોએ પવિત્ર રમજાન માસમાં રોજા રહીને અલ્લાહની ઈબાદત કરી અન્ય બાળકોને પણ રોજા રહેવાની પ્રેરણા આપી હતી. જેને લઈને સમાજના અગ્રણીઓ તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# ગુજરાત-પંજાબની મેચ પર સટ્ટો રમતા શખ્સો ઝડપાયા

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયામાં શિરેશ્વર મહાદેવના મંદિર પાસે બેસીને ગત રાત્રે પોણા નવ વાગ્યાના સમયે ગુજરાત ટાઈટન અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાતી ક્રિકેટ મેચને મોબાઈલ ફોનમાં ઓનલાઈન નિહાળી, અને હારજીતનો સટ્ટો ખેલતા દેવદાસ ધીરુભાઈ લુણા (ઉ.વ. ૨૭) ને પોલીસે રૂ. ૫,૮૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

અન્ય એક કાર્યવાહીમાં અહીંની વાંઝા દરજીની વાડીની બાજુમાં એક મંદિર પાસે રહેતા રિશિત અરૂણભાઈ ગોકાણીએ તેમની દુકાનના અજવાળે ગુજરાત અને પંજાબ વચ્ચેના મેચ પર હારજીતનો ઓનલાઈન સટ્ટો લગાવી, જુગાર રમતા પોલીસે રૂ. ૫,૬૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ, અને જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# જૂનાગઢ જીલ્લાની ચૂંટણી સબંધી સર્વગ્રાહી કામગીરીની સમીક્ષા કરતા જીલ્લા ચૂંટણી અધિકારી - કલેકટર અનિલ રાણાવસિયા






## આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવા જીલ્લા ચૂંટણી અધિકારીની તાકીદ

જૂનાગઢ, તા.૫

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે ચૂંટણી સબંધી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટર જિલ્લામાં આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં કલેક્ટરે ચૂંટણી સંબંધિત સાહિત્યના પ્રિન્ટીંગ, EPIC વિતરણની કામગીરી, પોલીંગ સ્ટાફને અને આવશ્યક સેવામાં જોડાયેલા કર્મચારીઓને પોસ્ટલ બેલેટથી મતદાન કરાવવા, C-Vigil, NGSP ફરિયાદોના કવોલીટી નિકાલ, એપ્રિલથી જુન ૨૦૨૪ ના મહીના દરમ્યાન હીટ વેવની અસરને નિવારવા માટેના મતદાન મથકોમાં છાયડાની વ્યવસ્થા કરાવવા, તમામ મતદાન મથકોએ પ્રાથમિક સારવાર કીટ, બેઠક વ્યવસ્થા પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવા, તમામ મતદાન મથકોમાં વ્હીલચેર સગવડ રાખવા, ચૂંટણી કાર્યમાં રોકાયેલ તમામ કર્મચારીઓને અને સુરક્ષા દળોને કેશલેસ તબીબી સારવાર પાડવા, તાલીમ સ્થળ તથા રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટર ખાતે પ્રાથમિક સારવાર કીટ સાથે પેરા મેડીકલ ટીમ ઉપલબ્ધ કરાવવા, ચૂંટણીલક્ષી સઘન તાલીમ પુર્ણ કરાવવા, ઈ.વી.એમ. સ્ટ્રોંગરૂમ તૈયાર કરવા, જિલ્લામાં મહત્તમ મતદાન માટે સોશ્યલ મીડિયાનો પ્રચુર ઉપયોગ કરવા વગેરે બાબતો વિષે સંબંધિત તમામને સૂચના આપી હતી.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, મ્યુ. કમિશ્નર ઓમપ્રકાશ, નિવાસી અધિક કલેકટર એન.એફ.ચોધરી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હર્ષદ પટેલ, ચરણસિંહ ગોહિલ સહિતના પ્રાંત અધિકારી, નોડલ ઓફિસરો, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લામાં વિધાનસભા મત વિસ્તારવાઈઝ ૭ એપ્રિલના રોજ ઇ.વી.એમ.-વી.વી.પે.ટ.ની ફાળવણી કરાશે

જૂનાગઢ, તા.૫

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાને વિધાનસભા મત વિસ્તારવાઈઝ ઈ.વી.એમ.-વી.વી.પે.ટ. આગામી તા. ૦૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સવારે ૭.૦૦ કલાકથી ઈ.વી.એમ. વેરહાઉસ, માર્કેટીંગ યાર્ડ પાસે, રાજકોટ રોડ, જૂનાગઢ ખાતેથી ફાળવવામાં આવશે.

જે અંતર્ગત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રીઓને તેઓના વિધાનસભા મત વિસ્તારવાઈઝ (૮૫-માણાવદર, ૮૬-જૂનાગઢ, ૮૭-વિસાવદર, ૮૮-કેશોદ, ૮૯-માંગરોળ) બી.યુ., સી.યુ. તથા વી.વી.પે.ટ. તેમજ આનુષાંગીક મટીરીયલની ફાળવણી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કરવામાં આવશે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અનિલ રાણાવસિયાની યાદીમાં જણાવાયું છે.

# ગિરનાર ઈકો સેનસેટિવ ઝોન મોનીટરીંગ કમિટીની બેઠક કલેકટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં યોજાઈ

## ઈકો સેન્સિટીવ ઝોનમાં પ્લાસ્ટિકનો ઉપયોગ નહિવત થતા અધિકારીઓની કામગીરીની સરાહના કરાઇ





જૂનાગઢ, તા.૫

જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે ગિરનાર ઈકો સેનસેટિવ ઝોન મોનીટરીંગ કમિટીનાં સભ્યોની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

કલેકટરશ્રીએ લોકોમાં પ્લાસ્ટિક પ્રતિબંધિત વિસ્તાર અંગે જાગૃતિ ફેલાઈ, લોકો તેનાથી માહિતગાર બને અને તેના તમામ નિયમોનું પાલન કરે તે માટે મોટા પ્રમાણમાં ઝુંબેશના ધોરણે અવરનેસ કેમ્પેઈન કરવા માટે અમલીકરણ અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોટાપાયે જાગૃતિ આવે અને લોકો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળે તે માટે પંચાયત વિભાગના અધિકારીશ્રીઓને પણ સૂચના આપવામાં આવેલ. હાલમાં લોક જાગૃતિને પરિણામે ઈકો સેન્સિટીવ ઝોનમાં પ્લાસ્ટિકનો ઉપયોગ નહિવત થઈ ગયો છે તે બાબતે ઉપસ્થિત અધિકારીઓની કામગીરીની સરાહના કલેકટર દ્વારા કરવામાં આવી હતી. આ બેઠકનું સંચાલન જૂનાગઢ ફોરેસ્ટ ડીવિઝનના ડી.સી.એફ. અક્ષય જોશીએ કર્યું હતું. આ તકે કલેકટર દ્વારા ગિરનાર પર્વત અને ઈકો સેનસેટિવ ઝોનમાં પ્લાસ્ટિક પ્રતિબંધની કામગીરી વિશેની સમીક્ષા કરાઈ હતી. તેમજ ગિરનાર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી આસપાસના ઈકો સેન્સેટિવ ઝોન એરીયા પાસેનાં કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, મ્યુ.કમિશનર ઓમપ્રકાશ, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેકટર એન.એફ. ચોધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે અમાન્ય ઓનલાઈન અરજીઓમાં ડોક્યુમેન્ટ અપલોડ કરવાની અરજદારોને તક

જૂનાગઢ, તા.૫

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ -૨૦૦૯ અન્વયે બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવેલી છે. જેમાં આશરે ૨,૩૫,૩૮૭ જેટલી ઓનલાઈન અરજીઓ વેબપોર્ટલ પર મળેલી હતી. આ અરજીઓની ચકાસણી કરવાની પ્રક્રિયા જિલ્લા કક્ષાએ હાથ ધરવામાં આવેલી હતી. જિલ્લા કક્ષાએ ચકાસણી બાદ કુલ ૨૦,૯૪૪ જેટલી અરજીઓ નિયમાનુસાર વિવિધ કારણોસર અમાન્ય થયેલી છે.

જે અરજદારોની ઓનલાઈન અરજી અમાન્ય થયેલી છે, માત્ર તેવા અરજદારો તા.૦૬ એપ્રિલ સુધીમાં ઓનલાઈન વેબપોર્ટલ https://rte.orpgujarat.com/ ઉપર જઈ એપ્લિકેશન નંબર અને જન્મતારીખ દાખલ કરી અરજીમાં જરૂરિયાત મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરી એપ્લિકેશન સબમિટ કરી શકશે. જેની જાણ અરજદારોને એસ.એમ.એસ.ના માધ્યમથી કરવામાં આવશે. આ સમયગાળા બાદ નામંજૂર થયેલી અરજીઓની પુનઃ ચકાસણી જિલ્લા કક્ષાએ તા.૦૮ એપ્રિલ સુધી કરવામાં આવશે. અરજદારો નામંજૂર થયેલી અરજીમાં સુધારો કરવા ન માંગતા હોય તો તેઓની અરજી અમાન્ય રાખવામાં આવશે. તેમજ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ તા.૧૫ એપ્રિલ, ૨૦૨૪ને સોમવારનાં રોજ જાહેર કરવામાં આવશે, તેમ પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. એમ. આઈ. જોષીની યાદીમાં જણાવાયું છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના ૨૧ ટાપુઓ ઉપર પૂર્વ મંજુરી વિના પ્રવેશ પર પ્રતિબંધ


(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર ૦૨ ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જયારે ૨૨ ટાપુઓ માનવ વસાહત રહિત છે. જે પૈકી નરારા ટાપુ માટે તા. ૧૯/૧૨/૧૬ના સુધારા જાહેરનામામાં જણાવેલ શરતોને આધિન પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી લેવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે શ્રધ્ધાળુઓ અવર જવર કરતા હોય છે. આ શ્રધ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃતિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહી. ત્રાસવાદી જૂથો, સંગઠનો દ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડવાળા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેલી છે. આવી પ્રવૃતિઓના કારણે જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દેવભૂમિ દ્વારકાએ તેમને મળેલ સતાની રૂએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી જિલ્લામાં આવેલ ૨૧ ટાપુઓ જેવા કે (૧) ધાની ઉર્ફે ડની ટાપુ, (૨) ગાંધીયોકડો ટાપુ, (૩) કાલુભાર ટાપુ, (૪) રોઝી ટાપુ, (૫) પાનેરો ટાપુ, (૬) ગડુ (ગારૂ) ટાપુ, (૭) સાનબેલી (શિયાળી) ટાપુ, (૮) ખીમરોઘાટ ટાપુ, (૯) આશાબાપીર ટાપુ (૧૦) ભૈદર ટાપુ (૧૧) ચાંક ટાપુ (૧૨) ધબધબો (દબદબો) ટાપુ (૧૩) દીવડી ટાપુ (૧૪) સામીયાણી ટાપુ (૧૫) નોરૂ ટાપુ (૧૬) માન મરૂડી ટાપુ (૧૭) લેફા મરૂડી ટાપુ (૧૮) લંધા મરૂડી ટાપુ (૧૯) કોઠાનું જંગલ ટાપુ (૨૦) ખારા મીઠા ચુષ્ણા ટાપુ (૨૧) કુડચલી ટાપુ (ક્રમ ૧ થી ૫ મહેસુલી હકુમત ખંભાળીયા, ૬ થી ૮ મહેસુલી હકુમત કલ્યાણપુર, ૯ થી ૨૧ મહેસુલી હકુમત દ્વારકા) ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ – ડિવીઝનલ મેજીસ્ટ્રેટની લેખીત પૂર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ જાહેરનામું તા. ૦૫/૦૪/૨૦૨૪થી તા. ૦૩/૦૬/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

# શિવરાજપુર બિચ પર વાહનોની અવર-જવર તથા કચરો ફેંકવા ઉપર પ્રતિબંધ








(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૫

દેવભૂમિ દ્વારકામાં જિલ્લામાં આવેલ બ્લુ ફલેગ સર્ટીફિકેટ ધરાવતો શિવરાજપુર બીચ એકદમ શાંત રળીયામણો અને પ્રાકૃતિક સમન્વયનું સુંદર નજરાણું છે. શિવરાજપુર બીચએ દ્વારકાથી નજીક હોવાથી દ્વારકાધીશના દર્શને આવતા સહેલાણીઓ પણ મોટા પ્રમાણમાં અહીં આવે છે. જેથી દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તેમને મળેલ સત્તાની રૂએ શિવરાજપુર બિચ પર ૫ કિલોમીટરની ત્રિજયામાં પ્લાસ્ટીકના ઉપયોગ/વપરાશ, વાહનોની અવર-જવર, કચરો ફેંકવા તેમજ કેમ્પેઈન કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધય કરેલ છે. આ જાહેરનામું તા. ૦૫/૦૪/૨૦૨૪થી તા. ૦૩/૦૬/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# સોમનાથના વેરાવળ બંદરે આજે રાષ્ટ્રીય વહાણવટા દિવસની થયેલ ઉજવણી


(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૫

સમગ્ર ભારત વર્ષમાં વર્ષ ૧૯૧૯ની ૫મી એપ્રિલે સિંધીયા સ્ટીમ નેવીગેશનનું પ્રથમ જહાજ એમ.એસ.લોયેસ્ટીએ મુંબઈથી લંડન જવા પ્રયાણ કર્યું હતું. જે ઘટના ભારતીય વહાણવટી વિકાસના યુગનો પ્રારંભ થયો હતો. દરીયાઈ સાહસિક દરીયાઈ ખેડૂતોને પ્રોત્સાહિત કરવા વર્ષ ૧૯૬૪થી સમગ્ર ભારતમાં વહાણવટા દિવસની ઉજવણી કરાય છે.

ગીર સોમનાથના વેરાવળ બંદર કચેરીએ સ્ટાફ તેમજ સિકયુરીટી વિભાગ દ્વારા સવારે દસ વાગ્યે ધ્વજવંદન કરી આ કાર્યક્રમની ઉજવણી કરી હતી. વર્ષ ૧૯૧૯માં સ્થપાયેલી ધી સીંધીયા સ્ટીમ નેવીગેશન કંપનીના માલિક સુમતિ હતા.

વર્ષ ૧૯૧૯માં પ્રથમ વિશ્વ યુધ્ધમાં ભારતીય સૈન્યનો હોસ્પીટલની ગરજ સારતું જે જે લોયેલ્ટી જહાજ જે ગ્વાલીયર સિંધીયાનું હતું એમની પાસેથી હિરાચંદ મંડળીએ વેચાતું લીધું અને તારીખ પાંચ એપ્રિલ ૧૯૧૯એ બ્રિટન જવા રવાના થયું હતું. આની નોંધ પ્રથમ સ્વદેશી કંપની તરીકે ગાંધીજીએ યંગ ઈન્ડીયામાં પણ ઉલ્લેખ કર્યો છે. દેશના વહાણવટા ઉદ્યોગમાં સુમતિ મોરારજીનું ખુબજ પ્રદાન છે અને મુંબઈના બેલાડ પિયરમાં સીંધીયા હાઉસ આજેય પણ અતીતની યાદ આપે છે. વહાણવટા અને વેરાવળ સોમનાથ-વેરાળવનો અફાટ દરીયો દરીયાઈ વેપારવણજની અનેક ઘટનાઓનો સાક્ષી છે. લકડીયા હોડી, હલેસા હોડી, સઢવાળા વહાણોવાળી લાકડાની બોટો, ફાયબર બોટો, આકાશમાં તાર જોઈને દિશા, શહેર, બંદર જોવાના અનુમનનો, હોકાયંત્રથી માંડી આજનું જીપીએસ વાયરલેસ, મોબાઈલ યુગ સહીતની અદ્યતનતા વેરાવળ બંદરેથી કરાંચી સુધીની પેસેન્જર સ્ટીમર સર્વીસ જોયેલ છે.

વેરાવળ સર્વ સંગ્રહમાં જણાવાયું છે કે, જંબુદ્વિપમાં ભારત ખંડમાં સૌરાષ્ટ્રમાં પ્રભાસ ક્ષેત્રમાં સોમનાથ એક ખુબજ અગત્યનું યાત્રાધામ તે જમાનામા હતું. સોમનાથ બંદરેથી ભરૂચ, સોપારા સુધી વ્યહાર હતો. મહાભારત પછીના સમયમાં ચીનથી ઝાંઝીબાર સુધી વેપાર અને વહાણવટુ હતું. વેરાવળ બંદરે નિયમીત સ્ટીમરો આવતી તેમ પ્રભાસના ભાસ્કર વૈદ્ય કહે છે તેઓ કહે છે આ સ્ટીમર બંદરથી બેથી ત્રણ કિલોમીટર દરીયામાં દુર ઉભી રહેતી અને બાજમાં વેરાવળથી નિકાસ કરાતા ઘઉં, મગફળી, ડુંગળીમાં લઈ જવાત તેના વ્હીસલનું સાંભળવું તેમાં દુર સુધી સંભાળતું. બંદરનો વ્યાપાર એટલો બધો હતો કે, માલ ચઢાવતા, ઉતારત જે અનાજ વેરાય તે ચણવા માટે પક્ષીઓના ઝુંડ બંદરે આંટા ઉડાન કરતા રહેત.

મોટા કરોબારનો કારણે બંદરની જ આસપાસ પોસ્ટ ઓફીસ, શીપયાર્ડ ઓફીસો, મગફળીના દાણા આયાત, નિકાસ કરતી કંપનીઓ વિશાળ સંખ્યામાં હતા. ઈ.સ.૧૯૬૬-૬૭માં બંદર સુધારણા મી.બેલીઅસ સ્કોટ નામે અંગ્રેજી ઈજનેરની નિમણુંક થઈ હતી અને ધકકાનો અમુક ભાગ બાંધ્યો તથા દિવાદાંડી ૨૫ ફુટ ઉંચી ચણી અને સને ૧૮૮૮માં વેરાવળ બંદરમાં ૭૦ વહાણો બાંધાયા હતા. વેરાવળથી મુંબઈ દરીયાઈ માર્ગ ૧૯૬ માઈલ થાય છે. સારો પવન હોય તો તે જમાનાનું વહાણ બે દિવસમાં પહોંચતું. વેરાવળમાં તે જમાનામાં ૮૦થી ૯૦ ટનના જહાજો બનતા જેમાં સુતારનું રોજ એક રૂપિયોથી સવા રૂપિયા તથા મિસ્ત્રીનું રોજ દોઢ રૂપિયા સુધી હતું. વર્ષ ૨૦૦૩માં વેરાવળમાં સ્ટીમર આવી હતી પછી આજ દિન સુધી સ્ટીમર આવી નથી.

# પપ્પુ યાદવે પૂર્ણિયા લોકસભા સીટ પરથી ઉમેદવારી નોંધાવી



# વર્ષ ૨૦૨૪ માટે બાબા વેંગાએ કરેલી ભવિષ્યવાણી છેલ્લા ચાર મહિનામાં જ સાચી પડતી જોવા મળી





સૌરાષ્ટ્ર ભૂમિ જૂનાગઢ

# ગરમી વધતા રાજ્યના અનેક જિલ્લામાં સ્કૂલોનો સમય સવારનો કરાયો

## જિલ્લાઓની બપોર પાળીની સ્કૂલો વેકેશન સુધી સવાર પાળીમાં ચલાવાશે

અમદાવાદ, તા.૫

રાજ્યમાં માર્ચના અંતની શરૂઆત સાથે જ ગરમીનો પારો સતત વધી રહ્યો છે અને આગામી દિવસોમાં પણ ગરમી વધવાની શકયતા છે, જેના કારણે બપોર પાળીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય ઉપર અસર થતી હોવાના પગલે રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય સવારનો રાખવા માટે ભલામણ કરવામાં આવી હતી. જેના પગલે રાજ્યના અનેક જિલ્લાઓમાં સોમવારથી જ સ્કૂલોનો સમય સવારનો રાખવા માટે પરિપત્ર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓનો શાળા સમય સવારનો કરવા માટે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાત દ્વારા રાજ્યના શિક્ષણ સચિવને પત્ર લખીને રજૂઆત કરી હતી. જેમાં જણાવાયું હતું કે, આગામી દિવસોમાં ગરમી વધવાની શક્યતા છે. આમ, રાજ્યમાં ગરમીનો પારો સતત વધવાને લીધે ખૂબ જ વધારે ગરમીને પગલે બપોરની શાળામાં વિદ્યાર્થીઓ હેરાન થતાં હોવાનું ધ્યાને આવ્યું છે. રજૂઆતોના પગલે રાજ્યના અનેક જિલ્લાઓમાં સ્કૂલોના સમયને લઈને પરિપત્ર કરવામાં આવ્યો છે.અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત સ્કૂલો જે સવાર પાળીમાં ચાલતી હતી તેનો સમય પાંચ મે સુધી સવારના ૭:૧૦થી ૧૨:૦૦ સુધીનો રાખવામાં આવ્યો છે. ઉપરાંત બપોર પાળીની સ્કૂલો કે જ્યાં બેસવાની પૂરતી વ્યવસ્થા હોય તેવી સ્કૂલો પણ સવારના ૭:૧૦ વાગ્યાથી ૧૨:૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. પરંતુ જે બપોર પાળીની સ્કૂલો માટે બેસવાની પૂરતી વ્યવસ્થા ન હોય તેવી સ્કૂલો બપોરના ૧૨ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી જ ચાલુ રહેશે.

# ચેટીચાંદ તથા ઈદના દિવસે શૈક્ષણિક કાર્ય કરાવનારી સ્કૂલો સામે કાર્યવાહી કરાશે

અમદાવાદ, તા.૫

રાજ્ય સરકાર દ્વારા ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ અનુક્રમે ચેટીચાંદ અને ઈદની રજા જાહેર કરવામાં આવેલી છે. આ દિવસે જો કોઈ સ્કૂલમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવામાં આવશે તો તેમની સામે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા જાહેરનામુ બહાર પાડી ૨૦૨૪ની રજાઓ જાહેર કરી છે. રજાના લિસ્ટ અનુસાર ૧૦એપ્રિલના રોજ ચેટીચાંદ અને ૧૧ એપ્રિલના રોજ ઈદની રજા આપવામા આવેલી છે. જો કે, જાહેર રજાના દિવસે પણ અમુક સ્કૂલો નિયમ વિરૂદ્ધ સ્કૂલો ચાલુ રાખતી હોય છે અને ફરિયાદ બાદ આવી સ્કૂલો સામે કાર્યવાહી પણ કરવામાં આવતી હોય છે. જો કે, ઈન્સાફ સોસિયલ ગ્રુપ નામના એક ગ્રુપ દ્વારા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ ચેટિચાંદ અને ઈદના તહેવારની રજા નિમિત્તે શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહે તે માટે રજૂઆત કરી હતી. દરમ્યાન રજૂઆતના પગલે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ તમામ સ્કૂલોના આચાર્યને ઉદ્દેશીને પત્ર મોકલ્યો હતો. જેમાં જણાવાયું છે કે, સરકારના ૨૦ નવેમ્બર, ૨૦૨૩ના જાહેરનામાથી વર્ષ૨૦૨૪ના જે દિવસોમાં જાહેર રજા જાહેર કરવામાં આવેલી છે તે દિવસે તમામ શાળાઓએ શાળામાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવા જણાવવામાં આવે છે. જો કોઈ શાળા દ્વારા સરકારના જાહેરનામાનું ઉલ્લંઘન કરવામાં આવશે તો શાળાની સામે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

# RTEમાં પ્રવેશ માટે ૨.૩૫ લાખ ફોર્મ ભરાયા : ૧૫મીએ પ્રવેશ ફાળવવામાં આવશે

અમદાવાદ, તા.૫

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતગર્ત ધોરણ-૧માં પ્રવેશ માટેની કાર્યવાહીનો ૧૪ માર્ચથી પ્રારંભ થયા બાદ ૩૦ માર્ચના રોજ ફોર્મ ભરવાની મુદત પુર્ણ થઈ છે. ફોર્મની ચકાસણી સર્હિઈની કામગીરી પુર્ણ થયા બાદ ૧૫ એપ્રિલના રોજ પ્રવેશની ફાળવણી કરવામા આવશે. આ વખતે ૪૪ હજાર જેટલી બેઠકો માટે હાથ ધરાયેલી પ્રવેશ કાર્યવાહીમાં ફોર્મ ભરવાની મુદત પુર્ણ થઈ ત્યાં સુધીમાં ૨.૩૫ લાખ ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, RTE અંતર્ગત રાજ્યની ખાનગી પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૧માં પ્રવેશ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે. રાજ્યમાં ૨૦૨૪-૨૫ના નવા શૈક્ષણિક વર્ષ માટે વિભાગ દ્વારા RTEની પ્રવેશ કાર્યવાહી શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી જેમાં પ્રવેશ માટે વાલીઓને જરૂરી ડોક્યુમેન્ટ એકત્ર કરવા માટે ૧૩ માર્ચ સુધીનો સમય આપવામાં આવ્યો છે. ત્યારબાદ ૧૪ માર્ચથી પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં વાલીઓને ફોર્મ ભરવા માટે ૧૩ દિવસનો સમય અપાયો હતો અને ૨૬ માર્ચ સુધી ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી ૨૬ માર્ચના રોજ ફોર્મ ભરવાના છેલ્લા દિવસે રાજ્યના કુલ ૨.૦૮ લાખ જેટલા ફોર્મ ભરાયા હતા આમ, શિક્ષણ વિભાગ દ્વારા RTEમાં ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરતા પાછળના કાર્યક્રમમાં પણ ફેરફાર કરવાની ફરજ પડી છે. જે અનુસાર હવે જિલ્લા કક્ષાએ ફોર્મની ચકાસણી કરી એપ્રુવ કે રિજેક્ટ માટેની કાર્યવાહી સોમવારના રોજ પૂર્ણ થઈ છે. ત્યારબાદ અમાન્ય થયેલા ફોર્મમાં ખુટતા ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે અરજદારોને ૪ એપ્રિલથી ૬ એપ્રિલ દરમ્યાન મુદત આપવામાં આવશે. ખૂટતા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા બાદ ફરી ફોર્મની જિલ્લા કક્ષાએ ચકાસણી કરાશે. ત્યારબાદ ૧૫ એપ્રિલના રોજ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર કરાશે. RTEમાં ચાલુ વર્ષે ૪૪ હજાર જેટલી બેઠકો માટે ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થયા બાદ ૨૬ માર્ચ સુધીમાં જ ૨૦૮૧૫૮ જેટલા ફોર્મ ભરાઈ ગયા હતા.

# સુરેન્દ્રનગર જિલ્લાના પાંચ ગામોમાં ભાજપના નેતાઓની પ્રવેશબંધીના પોસ્ટર લગાવાયા

અમદાવાદ તા.૫

પરષોતમ રૂપાલાનો વિરોધ સમગ્ર રાજ્યમાં સતત વધી રહ્યો છે. નિવેદન આપવામાં આવ્યું હતું જેને લઈને ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે ખાસ કરીને ક્ષત્રિય સમાજ દ્વારા પરસોતમ રૂપાલાના વાણી વિલાસ સામે તેમની ટિકિટ રદ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં ન આવ્યા હોવાના કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં ક્ષત્રિય સમાજ સૌ પ્રથમ વખત પાંચ ગામોમાં ભાજપના નેતાઓ માટે પ્રવેશબંધીના બેનરો લગાવી દઈ વિરોધ નોંધાયો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પહેલા ક્ષત્રિય સમાજ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને પરસોત્તમ રૂપાલા ની ટિકિટ વાણી વિલાસ મુદ્દે રદ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે તે છતાં પણ કોઈ પગલા ભરવામાં ના આવતા બે દિવસ પહેલા સુરેન્દ્રનગર ક્ષત્રિય સમાજના બોર્ડિંગ ખાતે ક્ષત્રિય સમાજનું સંમેલન યોજવામાં આવ્યું છે તેમાં પણ ૭૦૦૦થી વધુ લોકો હાજર રહ્યા હોવાનું બહાર આવ્યું છે જેમાં ક્ષત્રિય સમાજના આગેવાનો ભાજપના હોદ્દેદારો પણ ક્ષત્રિય સમાજના આગેવાનો માંથી ઉપસ્થિત રહ્યા હોય તેવું છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ક્ષત્રિય સમાજમાં પરસોતમ રૂપાલા ના વાણીવિલાસ સામે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે હવે સુરેન્દ્રનગર જિલ્લાના ક્ષત્રિય સમાજના આગેવાનો અને ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા ક્ષત્રિય સમાજના લોકો દ્વારા હવે ગામડાઓમાં ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓને પ્રવેશબંધી માટેના બેનરો લગાવવાના આજથી શરૂ કરવામાં આવ્યા છે ખાસ કરીને જ્યાં સુધી પરસોતમ રૂપાલાની ટિકિટ ભાજપ રદ નહીં કરે ત્યાં સુધી સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના તલસાણા કેસરિયા મોઢવાડા પેઢડા સહિતના ગામોમાં ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓને પ્રવેશબંધી કરવામાં આવી છે અને પ્રચાર માટે પણ ભાજપના નેતાઓને નહીં જવા દેવાનો ઉગ્ર સુર ઉઠ્યો છે. ત્યારે હવે પરસોતમ રૂપાલા ની ટિકિટ રદ કરવાની માંગણી સમગ્ર ગુજરાત રાજ્યમાં જ્યારે ઉઠી રહી છે ક્ષત્રિય સમાજના રોષ જોવા મળી રહ્યો છે. આજ સંદર્ભે આજથી સુરેન્દ્રનગર જિલ્લાના પાંચ ગામોમાં બેનરોલગાવવામાં આવ્યા છે જ્યાં સુધી પરસોતમભાઈ રૂપાલા ની ટિકિટ ભાજપ રદ નહીં કરે ત્યાં સુધી ગામમાં પ્રવેશ બંધ કરવામાં આવી છે જેને લઈને હવે ભાજપની ચિંતામાં વધારો થયો છે.

# RTE હેઠળ એડમિશન લેવા ભરાયેલા ૧૦ હજાર જેટલા ફોર્મ રિજેક્ટ

અમદાવાદ, તા.૫

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત રાજ્યભરમાં ગત ૧૪ માર્ચથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે, જો કે, આવકના દાખલાની માથાકૂટને લઈને આ ફોર્મ ભરવાની તારીખ ૩૦ માર્ચ સુધી લંબાવવામાં આવી હતી. અમદાવાદમાં અત્યાર સુધીમાં ૩૬ હજાર ફોર્મ ભરાયા છે, જેમાંથી ૧૦ હજાર ફોર્મ રિજેક્ટ થયા છે. ત્યારે આ રિજેક્ટ થયેલા ફોર્મને સુધારણાની તક ત્રણ દિવસ માટે આપવામાં આવી છે. બીજી તરફ શાળા સંચાલક મંડળે રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત સીટો વધારવાની માંગ કરી છે. રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત એડમિશનની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે, ત્યારે અમદાવાદમાં જ ૩૬ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે. ૩૦મી માર્ચ સુધીમાં વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હતી, જેમાં ૩૬૦૪૨ વાલીઓએ પોતાના બાળકોના પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભર્યા હતા. આ ફોર્મની સ્કૂટીની થયા બાદ ૨૫,૮૦૦ વિદ્યાર્થીઓના ફોર્મ એપ્રુવ કરવામાં આવ્યા છે, જ્યારે ૧૦,૦૬૦ વિદ્યાર્થીઓના ફોર્મ રિજેક્ટ કરવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓના આ ફોર્મ રિજેક્ટ થયા છે, તેમને સુધારણા કરવા માટે ૩ દિવસ આપવામા આવ્યા છે. . બીજી તરફ રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા સરકારમાં સીટો વધારવા માટે રજૂઆત કરવામાં આવી છે. શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, ધોરણ ૧માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની ઉંમર ૬ વર્ષની કરવામાં આવતા ગત વર્ષે વિદ્યાથીઓની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. જેને લઈને આ વર્ષે રાઈટ ટુ એજ્યુકેશનની બેઠકો ૫૦ ટકા જેટલી ઘટી છે. જે મુજબ આ વર્ષે ૨૦૨૪-૨૫ માટે માત્ર ૪૩,૮૯૬ જેટલી જ બેઠકો છે. જેની સામે ગત વર્ષે ૮૩ હજાર જેટલી બેઠકો હતી. રાઈટ ટુ એજ્યુકેશન પ્રવેશના હાલના નિયમ મુજબ ધોરણ ૧ની વર્ગ દીઠ કુલ મંજુર જગ્યામાં ગત વર્ષે જે રાઈટ ટુ એજ્યુકેશનનો પ્રવેશ થયા હોય તેને બાદ કરતાં જેટલી બેઠકો રહે તેના ૨૫ ટકા મુજબ બીજા વર્ષે પ્રવેશ અપાય છે. આ નિયમ મુજબ હવે ૨૦૨૪-૨૫ના વર્ષ માટે રાજ્યમાં બેઠકો ઘટતા મોટી મુશ્કેલી ઊભી થઈ છે. ગત વર્ષે ત્રણ રાઉન્ડના અંતે ૬૧ હજારથી વધુ બાળકોના પ્રવેશ થયા હતા. આમ ગત વર્ષ મુજબ પ્રવેશની સંખ્યા જોઈએ તો આ વર્ષે ૪૩ હજાર બેઠકો સામે હજારો બાળકો પ્રવેશ વંચિત રહે તેવી સ્થિતિ જોવાઈ રહી છે. ત્યારે શાળા સંચાલક મંડળ દ્વારા માંગ કરવામાં આવી છે કે, રાજ્યની ખાનગી શાળાઓમાં ધોરણ ૧ માટે ૬૦ વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને ૨૫ ટકા મુજબ એક વર્ગમાં ૧૫ વિદ્યાર્થીઓ ફાળવવા જોઈએ.

# રાજ્યમાં પીએસઆઈ અને લોકરક્ષક ભરતીની પરીક્ષા ઓફલાઈન લેવાશે


ગાંધીનગર, તા.૫

પીએસઆઈ તથા લોકરક્ષક ભરતીની પરીક્ષાને લઈ મહત્ત્વપૂર્ણ અપડેટ ધ્યાને આવ્યું છે. ગોણસેવા પસંદગી મંડળના અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વિટ કરી જણાવ્યું છે કે, આ પરીક્ષાઓ ઓફલાઈન લેવાશે. ગુજરાત પોલીસ દળમાં પો.સ.ઈ. કેડરની બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર તથા લોકરક્ષક કેડરની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) અને જેલ સિપોઈ વર્ગ-૩ સંવર્ગની કુલઃ ૧૨,૪૭૨ ખાલી જગ્યાઓ સીધી ભરતી કરવા માટે થોડા દિવસ અગાઉ જ જાહેરાત કરવામાં આવી હતી. જે પરીક્ષા ઓફલાઈન લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ તમામ સંવર્ગની સબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૪/૪/૨૦૨૪ (બપોરના ૧૫:૦૦ કલાક)થી તા.૩૦/૪/૨૦૨૪ (રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) કાળજીપૂર્વક ઓનલાઈન અરજી કરવાની રહેશે. પોલીસ ભરતી બોર્ડ દ્વારા ભરતી અંગેની તમામ સૂચનાઓ (જાહેરાત) અને ઓનલાઈન અરજી સ્વીકારવાનો સમયગાળો હવે પછી વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવનાર છે. આ તમામ સૂચનાઓ (જાહેરાત) કાળજીપૂર્વક વાંચી નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરીપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ વેબસાઈટ ઉપર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે. સરકાર દ્વારા જાહેર કરાયેલ નવી ભરતીમાં વિવિધ પોસ્ટ માટે અરજી મંગવાઈ છે. જેમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર (પુરૂષ)ની ૩૧૬ જગ્યા માટે તથા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મહિલા)ની ૧૫૬ જગ્યા, બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (પુરૂષ)ની ૪૪૨૨, બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (મહિલા)ની ૨૧૭૮, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (પુરૂષ) ૨૨૧૨, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (મહિલા)ની ૧૦૯૦, હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૧૦૦૦, (એસ.આર.પી.એફ.) (પુરૂષ), જેલ સિપોઈ (પુરૂષ)ની ૧૦૧૩ તથા જેલ સિપોઈ (મહિલા)ની ૮૫ જગ્યાઓનો સમાવેશ થવા પામેલ છે. કુલ ૧૨,૪૭૨. ઓનલાઈન અરજી કરતી સમયે ઉમેદવારે પોતાની અટક, પોતાનું નામ તથા પિતા/પતિનું નામ ધોરણ-૧૨ અથવા તેને સમકક્ષ પરીક્ષાની છેલ્લી માર્કશીટમાં દર્શાવેલ હોય તે મુજબ જ દર્શાવવાનું રહેશે અને દર્શાવેલ માર્કશીટ ઓનલાઈન અરજી કરતી વખતે અપલોડ કરવાની રહેશે.

### પતંજલિની જાહેરાતો અંગે 'સંપૂર્ણ અવજ્ઞા' બદલ સુપ્રીમનો આકરો ઠપકો

# રામદેવ, બાલકૃષ્ણને સોગંદનામા માટે છેલ્લી તક ૧૦ એપ્રિલે આગામી સુનાવણીએ હાજર રહેવું જ પડશે

## બેન્ચે રામદેવ અને બાલકૃષ્ણને આ મામલે એક સપ્તાહમાં સોગંદનામું દાખલ કરવાની છેલ્લી તક આપી




નવી દિલ્હી તા.૫

કોર્ટે રામદેવ અને બાલકૃષ્ણને ખોટી જુબાનીના આરોપો અંગે ચેતવણી પણ આપી હતી અને નોંધ્યું હતું કે, પતંજલિ દ્વારા સોગંદનામા સાથે સબમિટ કરાયેલા દસ્તાવેજો પાછળથી બનાવવામાં આવ્યા હતા. કોર્ટે કહ્યું કે, આ ખોટી જુબાનીનો સ્પષ્ટ કેસ છે. અમે તમારા પર દરવાજા બંધ કરી રહ્યા નથી, પરંતુ અમે તમને તે બધું કહી રહ્યા છીએ જે અમે નોંધ્યું છે.

● પતંજલિ આયુર્વેદનું પ્રતિનિધિત્વ કરતા વિપિન સંઘવીની રજૂઆતના જવાબમાં ન્યાયમૂર્તિ કોહલીએ જવાબ આપ્યો કે, તે એક વ્યાવસાયિક સંસ્થા છે, જ્યારે ન્યાયમૂર્તિ અમાનુલ્લાએ કહ્યું કે, તમે એવું કહો નહીં કે તમે જાહેરહિતની સેવા કરી રહ્યા છો.

૧. ભ્રામક જાહેરાત કેસમાં બાબા રામદેવે બિનશરતી માફી માંગી હોવાથી જસ્ટિસ કોહલીએ કહ્યું કે, જો આ અસુરક્ષિત છે, તો તમારી માફી સ્વીકારશે નહીં. આ સર્વોચ્ચ અદાલતને આપવામાં આવેલા બાંયધરીનું ઘોર ઉલ્લંઘન છે. તમારે ખાતરી કરો કે તમારી બાંયધરીનું પાલન કરવું જોઈએ. અમે કહી શકીએ કે અમે આ સ્વીકારવા માંગતા નથી કે મીડિયા વિભાગ આ કોર્ટમાં શું થઈ રહ્યું છે તે વિશે જાણતું નથી અને તે એક ટાપુ છે. તમે ગૌરવપૂર્ણ બાંયધરીનું ઉલ્લંઘન કર્યું છે. અમે આ સ્વીકારવા તૈયાર નથી અને આ અયોગ્ય છે ! તમારી માફી સ્વીકારવાનું કારણ શું છે ?

૨. જસ્ટિસ અમાનુલ્લાએ પણ યોગ ગુરૂને કહ્યું કે, જો તેઓ કોર્ટમાં માફી માંગવા માંગતા હોય તો તેઓએ સૌથી પહેલા કહેવું જોઈતું હતું. તમારે એ પણ સમજાવવું પડશે કે રાજ્યો દ્વારા પગલાં કેમ લેવામાં આવ્યા નથી. બાબા રામદેવ વતી હાજર થયેલા બલબીરસિંહ તરફ પોતાની ટિપ્પણીનો નિર્દેશ કરતા કહ્યું કે, તમામ પરિણામો માટે તૈયાર રહો બનાવટના આરોપો પણ લાગશે. તમે તમારી જાળમાં ફસાઈ ગયા છો. અહીં ઊભેલી પ્રથમ વ્યક્તિએ માફી માંગવી જોઈતી હતી અને કોઈ વકીલે ઉઠવું જોઈતું ન હતું.

૩. સુપ્રીમ કોર્ટની બેન્ચે આજે બાબા રામદેવ વતી હાજર થયેલા વરિષ્ઠ વકીલ બલબીરસિંહને કહ્યું કે, અમારૂં લક્ષ્ય કાયદાના શાસનનું પાલન કરવાનું છે અને બંધારણમાં વિશ્વાસ જાળવી રાખવાનો છે. તેમને છેલ્લી તક આપવામાં આવી છે.

૪. બાબા રામદેવની 'બિનશરતી માફી' ઉપર જસ્ટિસ કોહલીએ કહ્યું કે, તે લેખિત એફિડેવિટ ઉપર હોવી જોઈએ.

૫. જસ્ટિસ કોહલીએ કેન્દ્ર સરકારને સંબોધતા કહ્યું કે, તેણી પાસે કેન્દ્રીય આયુષ મંત્રાલય માટે પણ પ્રશ્નો છે. તમે પતંજલિને નોટિસ જારી કરી અને તેઓએ જવાબ દાખલ કર્યો અને જવાબ અમારી સામે નથી. આનો બિલકુલ પ્રચાર કરવામાં આવ્યો હતો અને કોવિડ દરમ્યાન કેન્દ્રની પરવાનગી વિના કંઈ પણ આગળ વધી શકતું ન હતું અને તમે આને જાહેર કરવા માટે કંઈ કર્યું નથી.


સુપ્રીમ કોર્ટે મંગળવારે યોગ ગુરૂ રામદેવ અને પતંજલિના મેનેજિંગ ડિરેક્ટર આયુર્વેદ આચાર્ય બાલકૃષ્ણ ઉપર ભ્રામક જાહેરાતના કેસમાં પાલનની યોગ્ય એફિડેવિટ ફાઈલ ન કરવા અને 'સંપૂર્ણ અવજ્ઞા' માટે સખત ઠપકો આપ્યો હતો. તેણે પતંજલિ એમડીના નિવેદનને પણ નામંજૂર કર્યું કે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ (મેજિક રેમેડીઝ) એક્ટ 'પુરાતન' છે. ન્યાયમૂર્તિ હિમા કોહલી અને અહસાનુદ્દીન અમાનુલ્લાની બેંચે કહ્યું કે, માત્ર સુપ્રીમ કોર્ટ જ નહીં, આ દેશભરની અદાલતો દ્વારા પસાર કરાયેલા દરેક આદેશનું સન્માન કરવું જોઈએ. આ સંપૂર્ણ અવજ્ઞા છે. તમારે કોર્ટમાં આપેલ બાંયધરીનું પાલન કરવું પડશે અને તમે દરેક અવરોધ તોડી નાખ્યા છે. સર્વોચ્ચ અદાલતે આશ્ચર્ય વ્યકત કર્યું કે શા માટે કેન્દ્રએ પતંજલિની જાહેરાત સામે આંખો બંધ રાખવાનું કેમ પસંદ કર્યું. રામદેવ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ બલબીરસિંહે કોર્ટને યોગ ગુરૂની હાજરી અને તેમની બિનશરતી માફીની નોંધ લેવા વિનંતી કરી હતી. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે, જે બન્યું છે તે ન થવું જોઈતું હતું અને સમગ્ર મુદ્દાનો ઉકેલ શોધવા માટે પક્ષકારોના વકીલને મદદ કરવાની ઓફર કરી હતી. બેન્ચે રામદેવ અને બાલકૃષ્ણને એક સપ્તાહમાં આ મામલે સોગંદનામું દાખલ કરવાની છેલ્લી તક આપી હતી. આ મામલાની વધુ સુનાવણી ૧૦ એપ્રિલના રોજ મુલતવી રાખતા ખંડપીઠે નિર્દેશ આપ્યો કે તે તેઓ બંનેએ આગામી તારીખે કોર્ટની સમક્ષ હાજર રહે.

### ભારતમાં ૨૦૧૪થી ચાઈનીઝ લસણ ઉપર પ્રતિબંધ છે

# નેપાળમાંથી ચાઈનીઝ લસણની દાણચોરી કરવામાં આવી રહી છે

નવી દિલ્હી, તા.૫

ચીની લસણએ ભારતીય કસ્ટમ અધિકારીઓને એલર્ટ કરી દીધા છે. તાજેતરમાં મોટા પ્રમાણમાં ચાઈનીઝ લસણ ભારતમાં દાણચોરી કરતા પકડાયા બાદ સત્તાવાળાઓએ કસ્ટમ પોસ્ટ ઉપર દેખરેખ વધારી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલમાં આ બાબત સાથે સંકળાયેલા લોકોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે કસ્ટમ અધિકારીઓએ સ્નિફર ડોગ્સ તૈનાત કર્યા છે અને હોલસેલર્સ અને વેરહાઉસમાં તેમની સ્થાનિક ગુપ્તચરોને ચેતવણી આપી છે. આ તમામ કવાયત નેપાળ અને બાંગ્લાદેશની સરહદેથી ચાઈનીઝ લસણની દાણચોરી રોકવા માટે કરવામાં આવી રહી છે. ચાઈનીઝ લસણમાં ફૂગની શક્યતા છે. વધુમાં, તેમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોય છે. આ જ કારણ હતું કે વર્ષ ૨૦૧૪માં ભારત સરકારે આ લસણ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. રિપોર્ટમાં કસ્ટમ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ખાસ કરીને બિહાર, ઉત્તરપ્રદેશ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ચાઈનીઝ લસણની દાણચોરીના કેસમાં વધારો થયો છે. જેમાં નેપાળ થઈને લસણ લાવવામાં આવે છે. ભારતે ૨૦૧૪માં ચીની લસણની આયાત ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. લસણમાં મોલ્ડ હોવાના અહેવાલો બાદ આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. દાણચોરી કરાયેલા લસણમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોવાની પણ આશંકા છે. ગયા મહિને, કસ્ટમ અધિકારીઓએ સિક્તા લેન્ડ કસ્ટમ પોસ્ટ ઉપર રૂા.૧.૩૫ કરોડની કિંમતના ૬૪,૦૦૦ કિલો ચાઈનીઝ લસણના શિપમેન્ટને અટકાવ્યું હતું.



સ્થાનિક બજારમાં લસણના ભાવમાં વધારો અને નિકાસમાં તીવ્ર વધારાને કારણે દાણચોરીમાં વધારો થયો છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોના અંદાજ મુજબ દેશમાં ચાઈનીઝ લસણનો સ્ટોક ૧,૦૦૦થી ૧,૨૦૦ ટન છે. ગયા વર્ષે નવેમ્બરથી કિંમતો લગભગ બમણી થઈને ૪૫૦-૫૦૦ પ્રતિ કિલો થઈ ગઈ છે. છેલ્લા કેટલાક મહિનામાં ભાવમાં થયેલા ઉછાળા પાછળના મુખ્ય કારણો પાકની ખોટ અને વાવણીમાં વિલંબ છે. બજારમાં ચાઈનીઝ જાતના લસણના આગમન બાદ સ્થાનિક વેપારીઓએ સરકાર સમક્ષ આ મુદો ઉઠાવ્યો છે.

# કોડીનાર તાલુકાના છાછર ગામમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે બિસ્માર હાલતમાં : ઠેર-ઠેર ગાબડા

## કોઈ મોટી જાનહાની થાય તે પહેલા તંત્ર આ ખાડાઓ પૂરી રસ્તાનું નવીનીકરણ કરે તેવી ઉગ્ર માંગ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૫

કોડીનાર તાલુકાના છાછર ગામેથી કોડીનાર અમરેલી સ્ટેટ હાઈવે પસાર થાય છે. આ હાઈવે ઉપર છાછર ગામ નજીક મોટા મોટા ખાડા પડી જતા વાહનચાલકોને પારાવાર મુશ્કેલી પડી રહી છે. આ રોડ ઉપર સુગાળા માઈન્સથી સિમેન્ટ ફેકટરી નો કાચો માલ ભરેલા હેવી વાહનોની ભારે અવર જવર રહેતી હોય અકસ્માતનો સતત ભય રહે છે ત્યારે આ રોડ ઉપર પડેલા આ ખાડાઓ પુરવા માંગણી ઉઠી છે. આમ તો આ સ્ટેટ હાઈવે નંબર ૩૩ ડબલ પટ્ટી ડામર રોડ બની ગયો છે પરંતુ છાછર ગામની શરૂઆતથી અંત સુધી સિમેન્ટ રોડ બનાવવાનો થાય છે. જેની પ્રક્રિયા ચાલુ છે પરંતુ સિમેન્ટ રોડ બને ત્યારે ત્યાં સુધી હાલ પડેલા ખાડા પુરવા જરૂરી બન્યા છે. તો તંત્ર દ્વારા તાત્કાલિક આ ખાડા પૂરવા માંગણી ઉઠી છે.

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો




અમદાવાદ તા.૫

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને 'સ્વીપ એક્ટિવીટી' અંતર્ગત સમાજનાં તમામ વયના નોંધાયેલા અને ખાસ કરીને જીવનમાં પ્રથમ વખત મતાધિકાર પ્રાપ્ત કરી રહેલાં મતદારો મોટી સંખ્યામાં મતદાન પ્રક્રિયામાં જોડાય અને મતદાન કરે તે માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કેમ્પસ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ કલેકટર કચેરીના સ્વીપ એક્ટીવીટીઝના નોડલ ઓફિસર ડો.યોગેશ પારેખે ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર ઉપસ્થિત યુવા મતદારો સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કરીને ચૂંટણી તથા મતદાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને ચૂંટણીતંત્ર વચ્ચે એમ.ઓ.યુ.પણ કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલાં કાર્યકારી કુલપતિ ડો.પંકજરાય પટેલે લોકશાહીનાં મહાપર્વમાં એક જાગૃત નાગરિક તરીકે સક્રિય રીતે સામેલ થવા યુવાનોને આહ્વાન કર્યું હતું.આ પ્રસંગે કુલસચિવ ડો.કે.એન.ખેર, પ્રાધ્યાપકો તેમજ વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ અચૂક મતદાનના શપથ પણ લીધાં હતા.

# ખંભાળિયામાં સોની વેપારી ઉપર ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા હુમલો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૫

ખંભાળિયામાં મચ્છુ માતાજીના મંદિર વાળી શેરીમાં રહેતા અને ચાંદીકામ અંગેના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી હિતેશભાઈ મકવાણા નામના યુવાન તથા તેમના ભાઈ જયસુખભાઈ ગઈકાલે રાત્રે આશરે આઠેક વાગ્યાના સુમારે પોતાની દુકાને કામ કરી રહ્યા હતા, ત્યારે અહીં એકાએક ત્રણ શખ્સો દુકાનમાં ધસી આવ્યા હતા અને કોઈ સામાન્ય બાબતે બોલાચાલી કરીને તેઓની પાસે રહેલા લોખંડના પાઈપ તેમજ ધોકા વડે તૂટી પડ્યા હતા. વેપારી યુવાન હિતેશભાઈ મકવાણાને બેફામ માર મારી તેમના હાથમાં ફ્રેક્ચર તેમજ શરીરના જુદા જુદા ભાગોમાં નાની-મોટી ઈજાઓ પહોંચાડી હતી.

એકાએક આ હુમલો કરાતા વેપારી યુવાન દુકાનનું શટર પાડી અને અંદર ચાલ્યા ગયા હતા અને અંદરથી શટર બંધ કરી દીધું હતું. આ સમગ્ર પ્રકરણ અંગે હિતેશભાઈ મકવાણા દ્વારા ત્રણ અજાણ્યા શખ્સો અંગે પાઈપ તથા ધોકા વડે હુમલો કરવા સબબ પોલીસમાં જાણ કરવામાં આવી છે.

હુમલાનો આ બનાવ બનતા અહીંના સોની વેપારીઓ દિલીપભાઈ ઘઘડા, રાણાભાઈ વિગેરે ઘટના સ્થળે તેમજ હોસ્પિટલે દોડી ગયા હતા અને જરૂરી કાર્યવાહી કરી હતી. આ બનાવ અંગે પોલીસે જરૂરી નોંધ કરી, સીસીટીવી ચકાસી અને હુમલાખોરોને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ હુમલાનું કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. વેપારી પર હુમલાના આ બનાવે ભારે ચર્ચા જગાવી છે.

# બેટ દ્વારકાના સુદર્શન સેતુ પર બેફામ બનેલા સ્ટંટબાજોને દબોચી લેવાયા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૫

ઓખા મંડળમાં તાજેતરમાં લોકો માટે ખુલ્લા મુકવામાં આવેલા સુદર્શન બ્રીજ પર બેફામ રીતે બાઈક હંકારી અને સ્ટંટ કરતા કુલ સાત શખ્સો સામે પોલીસે અલગ અલગ ગુનાઓ નોંધી, દંડનીય કાર્યવાહી કરી હતી. બેટ દ્વારકાને જોડતા સુદર્શન સેતુની સુંદરતાનો લહાવો લેવાના બદલે અહીં પૂરઝડપે બાઈક ચલાવી અને સ્ટંટ કરતાં શખ્સો સામે દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડની સૂચના મુજબ બેટ દ્વારકા તથા ઓખા મરીન પોલીસે સંયુક્ત રીતે કાર્યવાહી કરી હતી. આના અનુસંધાને બેટ દ્વારકાના રહીશ હાફિજ હમીદ પાંજરી, અરકાન હાજી મુસા પાંજરી, નિઝામુદ્દીન અલાના પાંજરી, દીધા અલીશા ફકીર મામદ ખલીફા, શકીલ જાફર માંડુ નામના પાંચ શખ્સો સામે બેટ દ્વારકા પોલીસે એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, વાહનો ડીટેઈન કર્યા હતા.

આ ઉપરાંત બુધવારે ઓખા મરીન પોલીસે સુદર્શન સેતુ પર આ પ્રકારની કાર્યવાહી આગળ ધપાવીને બેટ દ્વારકાના રહીશ આવેશ મજુરભાઈ નારીયા અને સમીર જીકરભાઈ સપ (રહે. ઓખા) સામે ધોરણસર કાર્યવાહી કરી, રૂ. ૪,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત અજમલ મુસ્તાક ફકીર સામે પણ ગુનો નોંધ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી બેટ દ્વારકાના ઈન્ચાર્જ પી.આઈ. વી.આર. શુક્લ, એ.એસ.આઈ. લખમણભાઈ ગઢવી, મુકેશભાઈ ખીમસુરીયા, મુકેશભાઈ વાઘેલા, ઓખા મારીને પોલીસ મથકના પ્રદ્યુમનસિંહ જાડેજા, પ્રવીણભાઈ માડમ, વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસની સામે ગળું કાપીને આપઘાતની કોશિશ

બેંગલુરુ, તા.૫

કર્ણાટક હાઈકોર્ટમાં હોલ નંબર એકમાં ચીફ જસ્ટિસ નિલય વિપિનચંદ્ર અંજારિયાની સામે જ એક વ્યક્તિએ ચાકુથી પોતાનુ ગળું કાપીને કથિત રીતે આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે, મૈસુરના રહેવાસી શ્રીનિવાસે કોર્ટના હોલ નંબર એકના પ્રવેશદ્વાર પર સુરક્ષા કર્મચારીઓને એક ફાઈલ સોંપી અને પછી શું થઈ રહ્યું છે તેની ખબર પડે તે પહેલાં જ તેણે ચીફ જસ્ટિસ અંજારિયાની સામે જ પોતાનું ગળું કાપી નાખ્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે કોર્ટ પરિસરમાં ઉપસ્થિત સુરક્ષા કર્મચારીઓએ આપઘાતની કોશિશ કરનાર વ્યક્તિને તાત્કાલિક બચાવ્યો અને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા, જયાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસે વધુમાં કહ્યું કે, આ વ્યક્તિએ આ પ્રકારનું અંતિમ પગલું કેમ ભર્યું હશે, તેનો ખ્યાલ તપાસ પછી આવશે. કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અંજારિયાએ હાઈકોર્ટ પરિસરમાં સુરક્ષા ચૂકને લઈને ચિંતા વ્યક્ત કરી છે. સાથે જ તેમણે સુરક્ષા વ્યવસ્થા સંભાળતા લોકોને પૂછ્યું કે આ વ્યક્તિ એક તીક્ષ્ણ હથિયાર લઈને કેવી રીતે અંદર આવી ગયો? ચીફ જસ્ટિસે પોલીસને ઘટનાસ્થળથી મળેલા પુરાવા રેકોર્ડ કરવાનો આદેશ કર્યો છે. શ્રીનિવાસે સુરક્ષા કર્મચારીઓને જે ફાઈલ આપી હતી, તેમાં શું હતું તેની ખબર નથી. પોલીસ હજુ તપાસ કરી રહી છે કે આ વ્યક્તિએ આપઘાત કરવાનો પ્રયાસ કેમ કર્યો?

## • રમઝાન મુબારક •




### આપણામાંથી કોણ છે જે આ જીવનમાં સફળ થવાની ઇચ્છા નથી રાખતો?

સવારથી સાંજ સુધી આપણે એ જ પ્રયત્નોમાં રચેલા રહીએ છીએ કે આપણું અને આપણાં પરિવારનું જીવન સફળ થઈ જાય. આપણે કેટલાક લક્ષ્યો નિર્ધારિત કરી રાખેલ છે, જેની પ્રાપ્તિ માટે આપણે એડી ચોટીનું જોર લગાવીએ છીએ. જ્યારે તે લક્ષ્ય પ્રાપ્ત કરી લેવામાં આવે છે તો આપણી પ્રસન્નતાની કોઈ હદ રહેતી નથી અને કોઈ કારણવશ એ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહીએ છીએ તો આપણાં દૂ:ખની પણ કોઈ સીમા રહેતી નથી, આપણે નાસીપાસ થઈએ છીએ અને ક્યારેક ઈશ્વરને પણ દોષી ઠેરવીએ છીએ.

| | |
|---|---|
| રોઝા | ૨૫ શુક્રવાર |
| ઈફતાર | ૭ : ૦૮ |
| રોઝા | ૨૬ શનિવાર |
| શહેરી | ૫ : ૨૨ |

થોડું વિચારીએ તો આ સત્ય સમજાઈ જશે કે સફળતાનો જે પણ ધોરણ આપણે નક્કી કરેલ છે તેનો સંબંધ આ સાંસારિક જીવન સુધી સીમિત છે. પણ આપણું આ જીવન મૃત્યુ સાથે સમાપ્ત થઈ જતું નથી પણ તેના પછી પણ ચાલુ રહે છે. (ગણ્યા-ગાંઠયા લોકો સિવાય મોટા ભાગના લોકો મૃત્યુ પછીના જીવન ઉપર આસ્થા રાખે છે.) સફળતાની બધી અવધારણા અને પ્રયાસો આ જીવન સુધી જ સીમિત હોય છે. ક્યારેય આપણે વિચાર્યું છે કે મૃત્યુ પછી શું થવાનું છે અને એ જીવનની સફળતાના ધોરણો અને પ્રયત્નો કેવા હોવા જોઈએ?

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# ભારત વિકાસ પરિષદનાં ગુજરાત મધ્ય પ્રાંતનાં પદાધિકારીઓની વરણી



અમદાવાદ તા. ૫

ભારત વિકાસ પરિષદ, અખિલ ભારતીય કક્ષાએ કાર્ય કરતું સામાજિક, સેવાભાવી, બિન રાજકીય સંગઠન છે. તેનાં ઉપક્રમે ભારત વિકાસ પરિષદની ગુજરાત મધ્ય પ્રાંતની વાર્ષિક અસાધારણ સભા મણિનગર, અમદાવાદ ખાતે સ્થિત એવા હેડગેવાર ભવન ખાતે યોજાઈ ગઈ હતી. આ સભામાં ભારત વિકાસ પરિષદ ગુજરાતના ટ્રસ્ટી વલ્લભભાઈ રામાણીની અધ્યક્ષતામાં, ભા.વિ.પનાં અખિલ ભારતીય અધિકારી વિનોદભાઈ શાહ દ્વારા આગામી વર્ષ એટલે કે, વર્ષ ૨૦૨૪-૨૫ માટે ગુજરાત મધ્યપ્રાંતના પ્રમુખ, સચિવ, ખજાનચી, મહિલા સંયોજિકા તેમજ સમગ્ર કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ફાલ્ગુનભાઈ વોરા, સચિવ તરીકે સુરેશભાઈ પટેલ, ખજાનચી તરીકે મનસુખભાઈ કાછડીયા, મહિલા સંયોજીકા તરીકે શ્રીમતી પ્રવિણાબેન ઠક્કર તેમજ સમગ્ર કારોબારીના નામની જાહેરાત કરવામાં આવી હતી.

### ચીફ જસ્ટીસ આમીર ફારુકને પણ ધમકીભર્યો પત્ર મળ્યો

# પાકિસ્તાનમાં ન્યાયતંત્ર ઉપર જોખમ આઠ ન્યાયાધીશોને મોતની ધમકી મળી

ઈસ્લામાબાદ, તા.૫

આતંકવાદનો પર્યાય બની ગયેલા પાકિસ્તાનમાં લોકો પોતાની સુરક્ષાને લઈને ચિંતિત રહે છે. જોકે, હવે જજોની જિંદગીને ખતરો પેદા થયો છે. મંગળવારે પ્રગટ થયેલા મીડિયાના એક અહેવાલ મુજબ, ચીફ જસ્ટિસ આમિર ફારુક સહિત ઈસ્લામાબાદ હાઈકોર્ટના આઠ જજોને ધમકી ભર્યા પત્રો મળ્યા છે. આ પત્રમાં શંકાસ્પદ પદાર્થ પણ મળ્યો હતો. આ પહેલા ન્યાયિક મામલામાં પાકિસ્તાનની શક્તિશાળી જાસૂસી એજન્સી આઈએસઆઈનો હસ્તક્ષેપ હોવાનો આરોપ લાગી ચૂકયા છે. આ ઘટનાક્રમ પછી જજોની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. આ પહેલા ઈસ્લામાબાદ હાઈકોર્ટના છ જજો દ્વારા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ કાજી ફૈસ ઈસાને એક પત્ર લખવામાં આવ્યો હતો, જેમાં તેમણે દેશની જાસૂસી એજન્સીઓ દ્વારા ન્યાયિક મામલામાં હસ્તક્ષેપની ફરિયાદ કરી હતી. પત્ર મળ્યાની પુષ્ટિ કરતા ફારુકે એક મામલાની સુનાવણી દરમિયાન કહ્યું કે આ ઘટનાને કારણે દિવસની સુનાવણીમાં વિલંબ થયો હતો. પાકિસ્તાનના મીડિયામાં સૂત્રોના હવાલાથી એક અહેવાલ પ્રગટ થયો, જેમાં જણાવ્યું છે કે જ્યારે બે જજોને સ્ટાફે પત્ર ખોલ્યા તો તેની અંદર પાઉડર મળ્યો અને પછી આંખમાં બળતરાનો અનુભવ થયો. સાવધાનીના ભાગ રુપે સેનેટાઈઝરનો ઉપયોગ કરી અને હાથ ધોઈને રાહત મળી હતી. ઈસ્લામાબાદ પોલીસની નિષ્ણાતોની ટીમ શંકાસ્પદ પાઉડરની તપાસ કરી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર આ પત્ર કથિત રીતે એક મહિલા દ્વારા લખવામાં આવ્યો હતો. કોર્ટે સમગ્ર મામલે પોલીસની ટીમને બોલાવી હતી. સાથે જ પત્રોની વધુ તપાસ કરવા માટે એન્ટિ ટેરરિસ્ટ ડિપાર્ડમેન્ટને સોંપી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ ઘટના ચીફ જસ્ટિસ દ્વારા જાસૂસી એજન્સીઓના હસ્તક્ષેપ અંગે હાઈકોર્ટ જજોના પત્ર પર સુઓ મોટો કાર્યવાહી કરવાની જાહેરાતના એક પછી બની છે.

### બેંગલોરના આઈપીએલ ટાઈટલ દુકાળ માટે

# સિનિયર ખેલાડીઓ જવાબદાર હોવાનો અંબાતી રાયડુનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૫

રોયલ ચેલેન્જર્સ બેંગલોર લાગલગાટ ૧૬ સિઝન સુધી આઈપીએલ ટાઈટલ જીતવાથી વંચિત રહ્યું છે. ઈન્ડિયન પ્રીમિયર લીગનો ૨૦૦૮માં પ્રારંભ થયો હતો અને ત્યારથી અત્યાર સુધીમાં કોહલી, ડુ પ્લેસિસ સહિતના સ્ટાર ખેલાડીઓ ધરાવતી બેંગલોરની ટીમ એકપણ વખત ચેમ્પિયનનો તાજ જીતી શકી નથી. ભારતના પૂર્વ બેટ્સમેન અંબાતિ રાયડુએ એવો આક્ષેપ કર્યો છે કે બેંગલોરના આઈપીએલ ટાઈટલના દુકાળ માટે સિનિયર ખેલાડીઓ જવાબદાર છે. ટોચના ખેલાડીઓ હંમેશા દબાણની પરિસ્થિતિમાં ફસડાઈ પડે છે અને જુનિયર ખેલાડીઓ પર પર બધી જવાબદારી લાદવમાં આવે છે. અંબાતિ રાયડુ મુંબઈ ઈન્ડિયન્સ અને બાદમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમતા અનેક વખત આઈપીએલ ચેમ્પિયન ટીમનો હિસ્સો બન્યો હતો. રાયડુએ કોઈ નામ લીધા વગર આરસીબીના ત્રણ સ્ટાર ખેલાડીઓ વિરાટ કોહલી, ફાફ ડુ પ્લેસિસ અને ગ્લેન મેક્સવેલ તરફ ઈશારો કર્યો હતો. આ સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર ચાર પૈકી ત્રણ મેચ હાર્યું છે અને કોહલીએ ૧૪૧ની સ્ટ્રાઈક રેટથી ૨૦૩ રન ફટકાર્યા છે. જો કે પાવરપ્લેમાં કોહલીની ફટકાબાજી હજી સુધી જોવા નથી મળી. ડુ પ્લેસિસે ચાર મેચમાં ૬૫ રન જ્યારે મેક્સવેલે ૩૧ રનનું યોગદાન આપ્યું છે. રાયડુએ જણાવ્યું કે આરસીબીના બોલર્સ હંમેશા ઢગલાબંધ રન આપે છે અને તેમના બેટ્સમેનનો દેખાવ નિરાશાજનક રહે છે.

### રીઢા ગુનેગારોને પકડવાની તજવીજ

# વોન્ટેડ આરોપીઓ માથે સરકારે ૨૦ હજારથી એક લાખના ઈનામ જાહેર કર્યા

## વર્ષોથી પોલીસને હાથતાળી આપીને ભાગતા પ્રોહિબિશનના ગુનેગારોને હવે લોકોની મદદથી ઝડપી લેવાનો પ્રયાસ

અમદાવાદ, તા.૫

ચૂંટણીની તડામાર તૈયારીઓ વચ્ચે પોલીસ રીઢા, વોન્ટેડ અને ભાગેડું ગુનેગારોને ઝડપી લઈ જેલ ભેગા કરી દેવાની કવાયતમાં લાગી ગઈ છે. ત્યારે જ વીસેક દિવસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ૨૯ વોન્ટેડ આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને એસઓજી દ્વારા પણ ઘણા ગુનેગારોને ઝડપી લેવાયા છે. હવે વર્ષોથી પ્રોહિબિશનના ગુનામાં પોલીસના હાથમાં નહીં આવતાં ગુનેગારોનો ઝડપી લેવા માટે સરકાર દ્વારા તેમના માથે ચોક્કસ ઈનામની જાહેરાત કરી છે. આવા રીઢા ગુનેગારોને માથે સરકારે ૨૦ હજારથી લઈને એક લાખના ઈનામની જાહેરાત કરી દીધી છે. એટલે કે રીઢા ગુનેગારોની વિગતો પોલીસને આપનાર અથવા તો તેને પોલીસના હાથે પકડાવી દેનારને રોકડ ઈનામ આપવામાં આવશે. આ ઈનામ અંગે સત્તાવારી જાહેરાત કરતાં સ્ટેટ મોનિટરિંગ સેલના એસીપી કે. ટી. કામરીટાએ જારી કરેલી પ્રેસ નોટમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાતમાં રાજસ્થાન, હરિયાણા તથા પંજાબમાંથી દારૂ સપ્લાય કરવામાં આવે છે. ત્યારે જ્યારે દારૂ પકડાયો હોય અને જેમના નામ ખુલ્યા હોય તેવા રીઢા બૂટલેગરો કે દારૂના સપ્લાયરોને ઝડપી લેવા માટે સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતી હોય છે પરંતુ આવા તત્ત્વો સતત ભાગતા રહેતા હોવાથી તેમને ઝડપી લેવા મુશ્કેલ થઈ પડ્યા છે. આવા રીઢા ગુનેગારોને પોલીસ નાગરિકોની મદદથી ઝડપી શકે તેના માટે સરકાર દ્વારા તેમના માથે રોકડ ઈનામની જાહેરાત કરી છે. જેથી રાજ્યના નાગરિકો તેમની મહીતી પોલીસને આપી રોકડ ઈનામ મેળવી શકે.

# જુનાગઢ મસ્જીદે રઝામાં હઝરત સૈયદના અલી શેરે ખુદાની યાદમાં શાનદાર જલ્સો યોજાયો : બાલ મુબારકની ઝિયારત કરાઇ

## સતત ૬૩ વર્ષથી મૌલા અલીની યાદમાં આ જલ્સો મનાવાઇ રહ્યો છે, હઝરત ગુલઝારે મિલ્લતે જણાવેલ કે હઝરત સૈયદના અલી શેરે ખુદાની મોહબ્બત જન્નતની ઝમાનત છે

જૂનાગઢ તા.૫

જુનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના સ્થાપક અમીરે અહલે સુન્નત હઝરત પીર નૂરમુહંમદ બાપુ મારફાની સાહેબ અલયહીર્રહમાં દ્વારા દર વર્ષે યોજાતો જશ્ન યૌમે મૌલાએ કાએનાત સૈયદના સરકાર અલી શેરે ખુદા રદીઅલ્લાહો તઆલા અન્હો આ વર્ષે પણ તા. ૩૧-૩-૨૦૨૪, રવિવારે રાત્રે તરાવીહ ની નમાઝ બાદ મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝા માં ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરીના પ્રમુખ સ્થાને અદબો એહતરામની સાથે શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ આ જલ્સામાં જુનાગઢ તથા આસપાસના વિસ્તારના ઔલમાએ કિરામ તથા સાદાતે વિલ એહતરામએ ખાસ હાજરી આપી હતી. જલ્સાની શરૂઆત મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝાના ખતીબો ઈમામ અતાએ હુઝુર અમીરે અહલે સુન્નત, હઝરત હાફીઝો કારી મોહંમદ સાબીફળ કાદરી રઝવી સાહેબે તેમના બેહતરીન અંદાઝમાં તિલાવતે કુર્આને મજીદથી કરી હતી. ત્યાર બાદ જનાબ કારી નિયાઝ એહમદ સાહેબ તથા બુલબુલે બાગે મદીના જનાબ હઝરત કારી મહેશર રઝા સાહેબ બરેલ્વીએ તેમના મધુર કંઠે નાત શરીફ તથા મૌલા અલીની શાનમાં મનકબત પેશ કરી હતી. ત્યારબાદ ભાવનગરથી પધારેલા ગુજરાતના પ્રખર વકતા નવાસએ મુફતીએ સૌરાષ્ટ્ર હઝરત અલ્લામાં કારી અબ્દુલ કાદીર સાહેબે સૈયદના મૌલા અલીની શાનમાં બેહતરીન તકરીર ફરમાવી સામેઈનના કુલુબને મુનવ્વરો મુજલ્લા કરી દીધા હતા. અને જણાવેલ કે જુનાગઢની ધરતી તે છે કે જ્યાં ભારતના નામાંકિત અને મોટા મોટા આલીમો અને દરેક સિલસિલાના પીરો ખાસ કરી હુઝુર મુફતીએ આઝમે હિન્દુ અલયહીર્રહમાં જેવી મહાન હસ્તીઓ પધારેલ તે પણ હઝરત મારફાની સાહેબ અહીર્રહમાં ની દૈન છે. હઝરત મારફાની બાપુએ જુનાગઢની અવામે એહલે સુન્નતને ગુમરાહીના દલદલથી કાઢી અને સીરતે મુસ્તકીમ ઉપર લાવી પુરા સૌરાષ્ટ્રમાં મસ્લકે આ'લા હઝરત નો પરચમ બુલંદ ફરમાવ્યો હતો. અંતમાં પ્રમુખ સ્થાનેથી શેહઝાદએ ફલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ, પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી મદ્દઝિલ્લહુલઆલી (સજ્જાદાહ નશીન ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ-જુનાગઢ) પોતાના અનોખા અંદાઝમાં શાને મૌલા અલી, અઝમતે એહલે બૈત, અને અઝમતે સહાબા પર બહેતરીન લા જવાબ ખિતાબ ફરમાવી જણાવેલ કે હઝરત સૈયદના અલી શેરે ખુદા અહલે બૈત અને સહાબાની મોહબ્બત ઈમાનની અલામત છે. જેના દિલમાં હઝરત સૈયદના અલી શૈરે ખુદાની અને અહલે બૈતની, સહાબાની મોહબ્બત હશે તેને જરૂર જન્નતમાં દાખલ કરવામાં આવશે અને જેના દિલમાં સોયના નાકા બરાબર પણ હઝરત સૈયદના અલી શૈરે ખુદાની અદાવત બુગ્ઝ હસદ હશે તેને જન્નતથી મહેરૂમ રાખવામાં આવશે. અને માલીકે કાએનાત હઝરત અલીની મોહબ્બત હલાલી લોકો ને જ આપે છે. આ યૌમે સૈયદના અલી શેરે ખુદાના સ્થાપક (બાની) પીરે તરીકત, મખ્ખને રૂહાનીયત, હઝરત અલ્લામાં પીર નૂરમોહંમદ બાપુ મારફાની સાહેબ રહમતુલ્લાહી તઆલા અલયહ છે. જેમણે ૧૯૬૧ માં પ્રથમ વખત મસ્જીદે રઝામાં યૌમે સૈયદના અલી શેરે ખુદા મનાવવાની શરૂઆત કરી અને ત્યારથી જ સતત દર વર્ષે મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં મનાવવામાં આવે છે. જેને આજે (૬૩) વર્ષ થયા છે. ત્યાર બાદ હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત ગુલઝાર અહમદ સાહબ નૂરીએ યૌમે મૌલાએ કાએનાતના જલ્સામાં હાજર રહેલ મોટી સંખ્યામાં સાદાતે કિરામ તેમજ ઉલ્માએ કિરામને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ અંતમાં હુઝુર મુફતીએ આઝમે હિન્દ અલયહીર્રહમાં તરફથી અમીરે અહલે સુન્નત પીરે તરીકત હઝરત અલ્લામાં પીર નૂરમોહંમદ બાપુ મારફાની સાહેબ અલયહીર્રહમાં ને જે સાંપનો અમલ અર્પણ (બક્ષીસ) કરવામાં આવેલ તે અમલ હઝરત ગુલઝાર બાપુ દ્વારા પળ્હાવવામાં આવેલ સૈયદના સરકાર અલી શૈરે ખુદા ફરમાવે છે કે આ અમલને જે વ્યક્તિ ૨૧ રમઝાન શરીફ ની રાત્રે પઢી લે તે વ્યક્તિ પૂરા વર્ષ માટે સાંપના ડંશ થી મહેફુઝ રહેશે. ઈન્શાઅલ્લાહ. આ અમલ પઢવા માટે રમઝાન શરીફની ૨૧ મી ની રાત્રે જુનાગઢ તેમજ આસપાસના ગામોમાંથી લોકો મોટી સંખ્યામાં મસ્જીદે રઝામાં આ અમલને પઢવા ઉપસ્થિત રહે છે.ત્યાર બાદ હઝરત ગુલઝાર બાપુ નૂરીને મક્કા શરીફ મદીના શરીફ નજફે અશરફ શરીફ, કરબલા શરીફ, બગદાદ શરીફ તથા અન્ય જગ્યાઓના મશાએખીન તરફથી જે અનમોલ તબરૂકાત આપવામાં આવેલ તે તબરૂકાતોમાંથી સૈયદના સરકાર અલી શેરે ખુદા ઈમામે હસન અને ઈમામે હુસૈનના બાલ મુબારકને હઝરત ગુલઝાર બાપુના મુબારક હાથે ગુસ્લ આપવામાં આવેલ સલાતો સલામ બાદ નવાસએ તે હુઝુર અમીરે અહલે સુન્નત મુફતી મુનવ્વર રઝા સાહેબે દુઆ ફરમાવી હતી. ત્યાર બાદ બાલ મુબારકની ઝિયારત તમામ હાજર રહેલ લોકોને કરાવવામાં આવેલ તેમજ બાલ મુબારકના ગુસ્લનું પાણી તથા લંગરે મૌલા અલી આમ શાહી ન્યાઝ જમાડવામાં આવેલ. આ જલ્સામાં સર્વે મુસ્લીમ બિરાદરોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી તેમ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા જણાવાયુ છે.

# રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને મર્ચન્ટ નેવી ડેના લઘુધ્વજની પીન અર્પણ કરાઈ



ગાંધીનગર તા.૫

રાષ્ટ્રીય દરિયાઈ દિવસ - નેશનલ મેરીટાઈમ ડે ની ઉજવણી અંતર્ગત ભારત સરકારના બંદરો, શિપિંગ અને જલમાર્ગ મંત્રાલય, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા, અદાણી પોર્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તથા ગુજરાતની સમુદ્રી પ્રશિક્ષણ સંસ્થાઓના પ્રતિનિધિઓએ આજે રાજભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને 'મર્ચન્ટ નેવી ડે' ના લઘુધ્વજની પીન અર્પણ કરી હતી.


રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નેશનલ મેરીટાઈમ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને ભારતના આર્થિક વિકાસમાં સમુદ્રી વ્યાપારના યોગદાન વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

ભારતમાં પ્રતિ વર્ષ ૩૦ માર્ચથી ૫ એપ્રિલ દરમિયાન રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ભારતની સૌપ્રથમ સ્વદેશી સ્ટીમશીપ 'એસ.એસ. લૉયલ્ટી' એ વર્ષ-૧૯૧૯ ની તા.૫ મી એપ્રિલે મુંબઈથી લંડન સુધીની સૌપ્રથમ સફરની શરૂઆત કરી હતી. ભારતીય દરિયાઈ ઈતિહાસની આ ગૌરવશાળી ઘટનાની સ્મૃતિમાં ૫ મી એપ્રિલે રાષ્ટ્રીય દરિયાઈ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સામુદ્રિક ક્ષેત્રના વિકાસ અને દરિયાઈ સુરક્ષા સુદ્રઢ કરવાના ઉદ્દેશ્ય સાથે નેશનલ મેરીટાઈમ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે સુ'દ્રઢ શિપિંગ : સંભાવનાઓ અને સમસ્યાઓ' થીમ સાથે સમુદ્રી વાણિજ્ય વિભાગ, કંડલા, દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલા, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, અદાણી પોર્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તથા ગુજરાતની સમુદ્રી પ્રશિક્ષણ સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે નેશનલ મેરીટાઈમ દિવસની ઉજવણી થઈ રહી છે.

૬૧ મા રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહ અંતર્ગત નેશનલ મેરીટાઈમ ડે ની ઉજવણીની પૂર્વ સંધ્યાએ ભારત સરકારના બંદરો, શિપિંગ અને જલમાર્ગ મંત્રાલયના સમુદ્રી વાણિજ્ય વિભાગ, કંડલાના ઉપ-સમુદ્રી સલાહકાર તથા વરિષ્ઠ ઉપ નૌવહન મહાનિદેશક કેપ્ટન સંતોષકુમાર દારોકાર, ગુજરાત મેરીટાઈમ બોર્ડના ઉપાધ્યક્ષ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાજકુમાર બેનીવાલ, દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલાના ચેરમેન એસ. કે. મહેતા, ગણપત વિશ્વવિદ્યાલયના અધ્યક્ષ પદ્મશ્રી ગણપતભાઈ આઈ. પટેલ, ગુજરાત મેરીટાઈમ બોર્ડના પ્રમુખ સમુદ્રી અધિકારી કેપ્ટન બી. લાડવા, સમુદ્રી વાણિજ્ય વિભાગ, કંડલાના એન્જિનિયર અને શીપ સુપરવાઈઝર આશિષ વાનખેડે તથા જીતેન્દ્રસિંહ રાવતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું અભિવાદન કર્યું હતું. રાજ્યપાલે પણ સૌ મહાનુભાવોને પીન પહેરાવી હતી.

# પ્રભાસ પાટણ પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારતા ક્રિષ્નાબહેન માલવીયા




(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૫

વડોદરાના આર્ટ ઓફ ઈમોશન ગૃપ દ્વારા ભારતના વિવિધ ઐતિહાસિક ઈમારતોને પીંછીથી કંડારી પેઈન્ટીંગ કરવા આયોજન કરાયું હતું. જેમાં પ્રભાસ પાટણના પ્રજાપતિ સમાજના ક્રિષ્નાબહેન જેન્તીભાઈ માલવીયાએ ભાગ લઈ સોમનાથ મંદિરનું સુંદર પેઈન્ટીંગ કામ કરી વર્લ્ડ રેકોર્ડ કક્ષાની સ્પર્ધામાં સુંદર કલાકૃતિ રજુ કરી ગોલ્ડ મેડલ તથા સન્માનપત્ર મેળવતાં સમગ્ર સોરઠ પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારેલ છે.

એમ.એસ.આર્ટ ઓફ ઈમોશન ગ્રુપ વડોદરા આયોજીત આ પેઈન્ટીંગ સ્પર્ધાના ચિત્રોનું પ્રદર્શન વડોદરા ખાતે પણ યોજવામાં આવ્યું હતું.

# ખંભાળિયાના પાલિકાના પૂર્વ સફાઈ કામદાર દ્વારા ભૂગર્ભ ગટરના ઢાંકણા તોડી પડાયા

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયા નગરપાલિકાના પૂર્વ મહિલા સફાઈ કામદાર દ્વારા નગરપાલિકાની મિલકતને નુકસાની પહોંચાડવા સબબ ખંભાળિયા પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાઈ છે.

આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયાના રામનગર વિસ્તારમાં રહેતા અને ખંભાળિયા નગરપાલિકામાં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવતા ભરતકુમાર પ્રવીણચંદ્ર વ્યાસ (ઉ.વ. ૫૦) એ અહીંના મંજુબેન કારાભાઈ પિંગળ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં જણાવાયા મુજબ મંજુબેનએ બુધવારે રાત્રિના સમયે ખંભાળિયા નગરપાલિકા કચેરી પાસે પથ્થરો તેમજ લાદીના ટુકડાના ઢગલા કરી તેમજ નગર ગેઈટ વિસ્તારમાં આવેલી ભૂગર્ભ ગટરના ઢાંકણા તોડી પાડી અને જાહેર મિલકતમાં નુકસાની પહોંચાડી હતી. નગરપાલિકાના પૂર્વ સફાઈ કામદાર મંજુબેન કારા પિંગળ સામે ખંભાળિયા પોલીસે પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આ અંગે પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા તેમની અટકાયત કરી લેવામાં આવી હતી.

# ખંભાળિયાઃ મોટરકારની ઠોકરે બાઈક ચાલક આધેડ ઈજાગ્રસ્ત

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયા તાલુકાના મોટા માંઢા ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા રામશીભાઈ લાલાભાઈ ગાગીયા નામના ૫૭ વર્ષના આહિર આધેડ ગત તારીખ ૨ ના રોજ તેમના જી.જે. ૧૦ આર. ૯૬૫૧ નંબરના મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે અત્રેથી આશરે ૧૫ કી.મી. દૂર કજૂરડા ગામના પાટીયા પાસે પહોંચતા જી.જે. ૨૫ જે. ૮૫૪૯ નંબરની હ્યુન્ડાઈ કંપનીની મોટરકારના ચાલકે તેની કાર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક ચલાવીને રામશીભાઈના મોટર સાયકલની પાછળના ભાગે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. જેના કારણે તેમને ફ્રેકચર સહિતની ઈજાઓ સાથે અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ પ્રકરણમાં ખંભાળિયા પોલીસે રામશીભાઈ ગાગીયાની ફરિયાદ પરથી હ્યુન્ડાઈ કંપનીનો મોટરકારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયામાં પીધેલી હાલતમાં કારચાલક ઝડપાયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયાના ટેલીફોન એક્સચેન્જ પાસેથી પોલીસે ભોગાત ગામના સવા પરબત લુણા (ઉ.વ. ૩૦) ને કેફી પીણું પીધેલી હાલતમાં રૂપિયા ૮૦,૦૦૦ ની કિંમતની ઈક્કો મોટરકાર ચલાવતા ઝડપી લઈ, જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# ખંભાળિયા નજીક ટ્રેક્ટરની ઠોકરે બાઈક સવાર યુવાનનું મૃત્યુ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયા તાલુકાના વડત્રા ગામે રહેતા દિલીપસિંહ જાડેજા નામના ૪૫ વર્ષના યુવાન બુધવાર તારીખ ૩ ના રોજ રાત્રિના આશરે નવેક વાગ્યાના સમયે તેમના જી.જે. ૩૭ એ. ૦૫૫૧ નંબરના મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે ભાતેલ ગામના પાટીયા પાસે પહોંચતા આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા એક ટ્રેક્ટરના ચાલક જટુભા અજીતસિંહ જાડેજા (ઉ.વ. ૪૫, રહે. ભાતેલ)એ દિલીપસિંહના મોટરસાયકલ સાથે અકસ્માત સર્જતા તેમને શરીરના જુદા જુદા ભાગોમાં જીવલેણ ઈજાઓ થવા પામી હતી.

આથી તેમને ગંભીર હાલતમાં અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

અકસ્માત સર્જીને આરોપી પોતાનું ટ્રેક્ટર લઈને નાસી છૂટ્યો હોવાનું વધુમાં જાહેર થયું છે. જે અંગે પોલીસે મૃતકના પુત્ર ગીરીરાજસિંહ દિલીપસિંહ જાડેજા (ઉ.વ. ૨૮, રહે. વડત્રા) ની ફરિયાદ પરથી ટ્રેક્ટરના ચાલક જટુભા અજીતસિંહ જાડેજા સામે આઈપીસી કલમ ૨૭૯, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, તેની અટકાયત કરી લેવામાં આવી હતી. આ અંગે વધુ તપાસ પી.એસ.આઈ. વી.બી. પીઠીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

### અવસાન નોંધ

મુળ ગોંડલ નિવાસી હાલ જૂનાગઢ ધોબી સવિતાબેન શામજીભાઈ વાળા(ઉ.વ.૮૦)તે સ્વ.શામજીભાઈ છગનભાઈ વાળાના ધર્મપત્ની તે પ્રકાશભાઈ લતાબેન પ્રજ્ઞેશભાઈ વાજાના માતૃશ્રી, સાગરભાઈ, જગદીશભાઈના દાદીમાં, કલ્પવ વાજાના નાનીમાં, ગોપાલભાઈ દામજીભાઈ સોલંકી (જૂનાગઢ), મનસુખભાઈ સોલંકી(ધોરાજીવાળા)જયશ્રીબેન રાજુભાઈ ચુડાસમા રાજકોટના મોટાબેન, પ્રજ્ઞેશભાઈ વાજા જૂનાગઢના સાસુ તા.૪-૪-૨૪ ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે તેમનું ઉઠમણું તા.૫-૪-૨૪ શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ માંગનાથ મંદિર જૂનાગઢ ખાતે રાખેલ છે.

# ખંભાળિયાઃ અઢી વર્ષથી ફરાર ઝડપાયેલા આરોપીને જામીન મુક્ત કરાયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આજથી આશરે અઢી વર્ષ પૂર્વે ફારૂક ઉર્ફે કરીમ નૂરમામદ સંઘાર નામના શખ્સ દ્વારા વિવિધ ગંભીર કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં આરોપી દ્વારા ખંભાળિયાની પ્રિન્સિપલ સેશન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી દાખલ કરવામાં આવતા આ પ્રકરણમાં અરજદાર તરફે જાણીતા એડવોકેટ ધીરેનભાઈ સાયાણી તથા યુથીકા નાકર દ્વારા અદાલત સમક્ષ કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખી, નામદાર અદાલત દ્વારા અરજદારને જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# હિટ એન્ડ રનઃ ખંભાળિયા નજીક કારની અડફેટે યુવાન ઈજાગ્રસ્ત

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયામાં શક્તિનગર ગ્રામ પંચાયતમાં આવેલા શીરુતળાવ વિસ્તારમાં રહેતા કલ્પેશભાઈ ભારાભાઈ પરમાર નામના ૨૮ વર્ષના યુવાન બુધવાર તારીખ ૩ ના રોજ રાત્રિના આશરે નવ વાગ્યાના સમયે ખંભાળિયા - જામનગર ધોરીમાર્ગ પર અત્રેથી આશરે ૧૮ કિલોમીટર દૂર નયારા કંપનીના મટીરીયલ ગેઈટની સામેના ભાગે ખંભાળિયા આવવા માટે વાહનની રાહ જોઈને ઊભી ઊભા હતા. તે દરમિયાન આ માર્ગ પર પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક અજાણ્યા મોટરકારના ચાલકે રોંગ સાઈડમાં આવીને તેમને અડફેટે લેતા તેમને ફ્રેકચર સહિતની નાનીમોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જીને આરોપી ફોર વ્હીલર ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હોવાનું પોલીસમાં જાહેર થયું છે. જે અંગે ખંભાળિયા પોલીસે અજાણ્યા કારચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર તરીકે હિરાભાઈ જોટવાને ટિકીટ ફાળવતા કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહનો માહોલ





## જૂનાગઢની બેઠક ઉપર હિરાભાઈ જોટવાના નામની જાહેરાત થતા શહેર અને જીલ્લાના કોંગ્રેસના કાર્યકર્તાઓએ ફટાકડાની આતશબાજી અને ઢોલ વગાડી ખુશી જાહેર કરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર કોંગ્રેસ દ્વારા જૂનાગઢ જીલ્લાના વરિષ્ઠ અગ્રણી તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ એવા આહિર સમાજના અડીખમ નેતા હિરાભાઈ જોટવાને ટિકિટની ફાળવણી કરતા જૂનાગઢ શહેર અને જીલ્લાના કોંગ્રેસના કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ સર્જાયો છે અને ગઈકાલે રાત્રીના જ જૂનાગઢ ખાતે આવેલા કોંગ્રેસ ભવન ખાતે શહેર અને જીલ્લાના કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા ફટાકડાની આતશબાજી, ઢોલ વગાડી અને ખુશી વ્યકત કરવામાં આવી હતી.

આગામી લોકસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા પોતાના ઉમેદવારો જાહેર કર્યા છે. તેમાંય ગુજરાતની ૨૬ બેઠકો પૈકી કેટલીક બેઠકો ઉપર ઉમેદવારને લઈને વિરોધના સુર ઉઠવા પામેલ છે અને હજુ પરિસ્થિતિ થાળે પડી નથી. ગુજરાતની જે ત્રણથી ચાર બેઠક ઉપર વિવાદીત ચાલી રહ્યો છે. આ ઉપરાંત જૂનાગઢની લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર કે જે બે ટર્મથી સાંસદ તરીકે ચુંટાઈ આવ્યા છે તેવા સિટીંગ મેમ્બર રાજેશ ચુડાસમાને ટિકીટની ફાળવણી કરી છે ત્યારે તેમની સામે પણ જુદા-જુદા પ્રશ્ને વિવિધ સમાજ અને મતદારોમાં પણ નારાજગી પ્રવર્તી રહી છે. આ દરમ્યાન લોકસભાની આ ચૂંટણી અંતર્ગત જૂનાગઢ ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે પણ ગિરનાર કમલમના ઉદઘાટન કાર્યક્રમમાં હાજરી આપી અને કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી હતી અને ત્યારબાદ બે દિવસ બાદ જ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ જૂનાગઢની ઓચીંતી મુલકાત લીધી હતી અને ગિરનાર કમલમ ખાતે પક્ષના કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી હતી. એટલું જ નહી વિવિધ સમાજના અગ્રણીઓની પણ બેઠક બોલાવી હતી અને જૂનાગઢ શહેર અને જીલ્લાના વિકાસ કરવા અંગેની કટીબધ્ધતા વ્યકત કરી હતી અને આ રીતે જૂનાગઢની લોકસભાની બેઠકના ઉમેદવાર રાજેશ ચુડાસમાની તરફેણમાં લોકોનો જોક વળે તે માટે પ્રયાસો કર્યા છે. તો બીજી તરફ ભાજપે તો પોતાના ઉમેદવાર જૂનાગઢ બેઠક માટે જાહેર કરી અને પ્રચાર તંત્ર પણ શરૂ કરી દીધુ છે પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા જૂનાગઢની બેઠક માટે ઉમેદવાર જાહેર થયા ન હતા. જોકે જૂનાગઢની બેઠક ઉપર વરિષ્ઠ આગેવાન એવા હિરાભાઈ જોટવા ફાઈનલ હતા પરંતુ તેના નામની જાહેરાતની રાહ જોવાતી હતી. આ દરમ્યાન કોંગ્રેસ હાઈકમાન્ડે ગઈકાલે રાત્રીના સુરેન્દ્રનગર, જૂનાગઢ અને વડોદરાની બેઠકના ઉમેદવારો જાહેર કરી દીધા છે ત્યારે જૂનાગઢની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર તરીકે હિરાભાઈ જોટવાનું નામ જાહેર થતા જ કોંગ્રેસના કાર્યકર્તાઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. જાણકારોના મતે જાહેર જીવનમાં ઘણા લાંબા સમયથી રહેલા હિરાભાઈ જોટવા જૂનાગઢ જીલ્લાના દરેક સમાજ સાથે ખુબ જ સારા સંબંધ ધરાવે છે. એટલું જ નહી તેમની કાર્ય પ્રણાલીને લઈને પણ મોટો ચાહક વર્ગ ધરાવે છે. સારી એવી ચાહના ધરાવનારા હિરાભાઈ જોટવાને જયારે કોંગ્રેસ તરફથી જૂનાગઢ બેઠક માટે પસંદ કરવામાં આવ્યા છે ત્યારે લોકસભાની આ ચૂંટણીમાં જૂનાગઢની આ બેઠક ઉપર ભાજપના રાજેશ ચુડાસમાની સામે કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવાનો બરાબર જંગ જામશે તેવું મનાઈ રહ્યું છે.

ઉનાળાના બળબળતા સમયમાં જ મુંગા પશુઓની માટે પાણી માટેની વ્યવસ્થા તંત્રએ છીનવી લીધી

## જૂનાગઢમાં ગૌમાતાને માટે બનાવેલ વર્ષો જુના અવેડાને મનપા તંત્રએ તોડી નાખ્યો : ગૌપ્રેમીઓમાં રોષની લાગણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ શહેરમાં વણઝારી ચોકમાં મહાનગરપાલિકાની ટીમે ગઈકાલે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી અને મુંગા પશુઓને પાણી પીવા માટે બનાવેલા અવેડાને તોડી પાડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, ગઈકાલે મનપાના દબાણની ટીમે વણઝારી ચોકમાં



ગાયોને પાણી પીવા માટેના અવેડાને તોડી નાખી અને કાર્યવાહી કરી હતી. તેની સામે રોષની લાગણી ઉઠી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ શહેરમાં ગત જુન માસમાં ભારે જળ હોનારત સર્જાઈ હતી અને તેના એક માત્ર કારણ એવા વોકળા ઉપરના ગેરકાયદેસર દબાણો ગણવામાં આવી રહ્યા છે અને આ બાબતે અનેકવાર રજુઆતો કરવામાં આવી હોવા છતાં પણ મનપા તંત્ર કોઈ નક્કર કાર્યવાહી કરતું નથી. એટલું જ નહી નાના માણસોના ઝુંપડા તોડીને સંતોષ માની લેનાર મનપા તંત્રની ડિમોલેશનની કામગીરી અચાનક બંધ કરી દેવામાં આવી હતી. બીજી તરફ જળ હોનારતના બનાવ બાદ મનપાએ ૧૨૦થી વધુ નોટિસો દબાણ કરનારાઓને પાઠવી છે પરંતુ નોટિસ આપ્યા બાદ કોઈ કાર્યવાહી કરી નથી અને જેને લઈને લોકોમાં ભારે રોષ વ્યાપેલો છે. બીજી તરફ હાલ ઉનાળાના આ દિવસોમાં મુંગા પશુઓ પાણી માટે વલખા મારી રહ્યા હોય તેવા સંજોગોમાં જ મનપા તંત્રએ વણઝારી ચોક જૂનાગઢ નવા નાગરવાડા વિસ્તારમાં વર્ષો જુનો પાણીનો અવેડો ગેરકાયદેસર દબાણ સમજીને તોડી નાખેલ છે. જેની સામે લોકોમાં રોષ છવાયેલો છે.

## જૂનાગઢ જીએસટી કચેરીના આસિસ્ટન્ટ કમિશ્નર વલ્લભભાઈ પટેલીયા રૂા.૧૨ હજારની લાંચ લેતા ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ લાંચ રૂશ્વત બ્યુરોને લાંબા સમય પછી એક સફળતા મળી છે. ગઈકાલે અહીના જીએસટીના આસિસ્ટન્ટ કમિશશ્નરને ૧૨ હજારની લાંચ લેતા ઝડપી કાર્યવાહી કરી છે. જૂનાગઢ એસીબી પોલીસ ઈન્સપેકટર જે.બી. કરમુર સહિતના સ્ટાફે ગઈકાલે આ છટકુ ગોઠવ્યું હતું અને જેમાં એક અરજદાર જેઓએ લેટર ઓફ અંડર ટ્રેકિંગ સર્ટીફિકેટ આપવા સબબ આસીસ્ટન્ટ કમિશ્નરની



ઓફીસ, જીએસટી કચેરી, ઘટક-૮૪, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ ખાતે અરજી કરી હતી. જે કામ કરવા બદલ તેમની પાસે ૧૨ હજારની લાંચની માંગ કરવામાં આવી હતી. જેથી અરજદારે એસીબીનો સંપર્ક કર્યો અને તે જ કચેરીમાં જીએસટી આસી. કમિશ્નર વલ્લભભાઈ ભીખાભાઈ પટેલીયા (ઉ.વ.૫૭)ને અરજદાર સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધા હતા. આ અંગે જૂનાગઢ એસીબીએ ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બિલખામાં ગળાફાંસો ખાઈ વૃધ્ધનું, વંથલીના નવલખી ગામે એસિડ પી જતા પરણિતાનું અને વેળવા ગામના વૃધ્ધનું પાતાળ કુવામાં પડી જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ જીલ્લાના બિલખા, વંથલી અને માણાવદર પંથકમાં અપમૃત્યુંના ત્રણ બનાવો બનવા પામેલ છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર પ્રથમ બનાવ બિલખા ખાતે બનવા પામેલ છે જેમાં જૂનાગઢ નજીક આવેલા બિલખા બસ સ્ટેશન પાછળ રહેતા વજુભાઈ કાનજીભાઈ વાઢેર (ઉ.વ.૬૫)એ કોઈપણ અગમ્ય કારણસર પોતાની વાડીના ઢાળીયામાં આડીમાં દોરડું બાંધી પોતાની રીતે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે બિલખા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જયારે બીજો બનાવ વંથલી તાલુકાના નવલખી ગામે બનવા પામેલ છે. જેમાં ઈલાબેન વિષ્ણુભાઈ ટાંક(ઉ.વ.૩૦) નામની પરણીતાને તેના સસરાએ ઘરમાંથી ડુંગરી ઉતારવાનું કહેતા ઈલાબેને ડુંગરી ન ઉતારી અને મોટે અવાજે બોલતા સસરાએ આ બાબતે ઠપકો આપતા તેને લાગી આવતા પોતાની મેળે એસિડ પી જતા સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું છે. કેશોદના નાયબ પોલીસ અધિકારી બી.સી. ઠક્કર આ બનાવ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે. જયારે અન્ય એક બનાવમાં માણાવદર નજીક વેળવા ગામથી ઉટડી ગામ જતા રસ્તા પાસે આવેલ પાતાળ કુવામાં પડી જતા વૃધ્ધનું મૃત્યું થયું છે. પોલીસે આપેલી વિગત અનુસાર, ભીખુભાઈ માધવજીભાઈ જેઠવા (ઉ.વ.૭૧) રહે.વેળવા ગામ વાળા આજથી આશરે દોઢેક મહિના ઉપર ઘરે કોઈને કહ્યા વગર જતા રહેલ હતા અને તામસી મગજના અને એકલવાયું જીવન જીવતા હોય દરમ્યાન વેળવા ગામથી ઉટડી ગામ જતા રસ્તામાં આવેલ વેળવા ગામના પાતાળ કુવામાં પડી જતા ડુબી જતા તેઓનું મૃત્યું થયું છે. માણાવદર પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

## જૂનાગઢમાં એસટીની ઈલેકટ્રીક બસ સ્કૂટર સાથે અથડાતા માતા-પુત્રને થયેલી ઈજા : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢમાં એસટીની ઈલેકટ્રીક બસ સ્કૂટર સાથે અથડાતા માતા-પુત્રને ઈજા પહોંચાડી ડ્રાઈવર બસ સાથે નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શહેરના હર્ષદનગર વિસ્તારમાં તૈયબા મસ્જીદ પાસે રહેતા સબનમબાનુ રીયાજ અહેમદ ઈકબાલ હુશેન કાદરી(ઉ.વ.૩૦) નામના મહિલા તેના ૨.૫ વર્ષના પુત્ર હૈદર અલીને બેસાડીને સ્કૂટર લઈને માંડવી ચોકથી હર્ષદનગર ઘરે જતા હતા ત્યારે રસ્તામાં રેલ્વે સ્ટેશન ચોકથી આગળ પ્રેસીડેન્ટ હોટલની સામે રોડ ઉપર પાછળ આવી રહેલી જૂનાગઢ-રાજકોટ રૂટની ઈલેકટ્રીક એસટી બસના ચાલકે સ્કૂટરથી આગળ થવા બસને હંકારીને નીકળતા બસનો પાછળનો ભાગ મહિલાના સ્કૂટર સાથે અથડાતા સ્કૂટર સાથે ફંગોળાઈ જતા સબનમબાનુને માથા, ડાબા હાથ તથા પગમાં અને પુત્રને પણ માથાના પાછળના ભાગે ઈજા થતા બંનેને સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ ડ્રાઈવર બસ સાથે નાસી ગયો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે એસટી વિભાગની ઈલેકટ્રીક બસ જૂનાગઢ-રાજકોટ રૂટની બસના ડ્રાઈવર વિરૂધ્ધ બસ ઝડપથી અને બેફીકરાઈથી ચલાવી ફરિયાદી તથા તેના પુત્રના સ્કુટર સાથે ભટકાવી અને ઈજાઓ પહોંચાડી નાસી ગયા અંગે ગુનો દાખલ કરેલ છે. આ બનાવ અંગે બી ડીવીઝનના પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેબલ ડી.કે. ગઢવી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## જૂનાગઢમાં જુગાર રમતા રૂા.૨૦,૮૯૦ના મુદ્દામાલ સાથે છ શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢમાં જોષીપરા આદર્શનગર આશીયાના સોસાયટીમાં આવેલ બાબા પાન વાળી ગલીમાં આગળ જતા જાહેરમાં સ્ટ્રીટલાઈટના અજવાળે જુગાર રમતા છ શખ્સોને પોલીસે ઝડપી લીધા છે. પોલીસે આપેલી વિગત અનુસાર બી ડીવીઝન પોલીસે ચોક્કસ બાતમીના આધારે પાડેલા આ જુગાર દરોડામાં દિપુ ગોપાલભાઈ, પપ્પુ રાધેશ્યામ, બડેલાલ સદામીભાઈ, રિન્કુ ભોગી રામ, રામકેશ બન્નુભાઈ, વિક્રમ પરશુરામ રહે.તમામ ઓઘડનગર, આર.કે. રેસીડેન્ટ સામે મુળ મધ્યપ્રદેશ વાળાઓને રૂા.૨૦,૮૯૦ના મુદ્દામાલ સાથે સ્ટ્રીટલાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## કેશોદમાં ક્રિકેટ મેચનાં જુગાર અંગે દરોડો રૂા.૨૦ હજારના મુદ્દામાલ સાથે એક ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

કેશોદમાં ક્રિકેટ મેચના સટ્ટા ઉપર જુગાર રમાતો હોવાની બાતમીના આધારે કેશોદ પોલીસે દરોડો પાડી અને રૂા.૨૦ હજારના મુદ્દામાલ સાથે એકને ઝડપી લઈ અને જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, કેશોદમાં જુની શાકમાર્કેટ નજીક બનેલા બનાવમાં મુકેશભાઈ નારાયણભાઈ કરમટા (ઉ.વ.૪૪)એ પોતાના રહેણાંક મકાને રૂમની અંદર આઈપીએલ ટી-૨૦ના ગુજરાત ટાઈટન્સ તથા પંજાબ કીંગ્સ વચ્ચે રમાતી ક્રિકેટ મેચ ઉપર વેબસાઈટમાં આઈડીમાં ઓનલાઈન ક્રિકેટ મેચનો સટ્ટો રમી તથા મોબાઈલ નંબર ૯૭૨૭૦૭૦૧૩૦ ઉપર ફોન કરી ફોન દ્વારા પૈસાની હારજીતના સોદા પાડી ક્રિકેટ મેચ રમતા મળી આવતા મુદ્દામાલ મોબાઈલ ફોન કુલ નંગ-૪ કિ.રૂા.૧૦,૦૦૦ તથા ટીવી નંગ ૧ કિ.રૂા.૧૦,૦૦૦ મળી કુલ કિ.રૂા.૨૦,૦૦ના મુદ્દામાલ સાથે આરોપી નં-૧ હાજર મળી આવી તથા આરોપી નં-૨ મોબાઈલ નંબર ૯૭૨૭૦૭૦૧૩૦નો ઉપયોગ કરનાર તથા તપાસમાં ખુલે તે તમામએ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## વિસાવદરના દુધાળા ગામે જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે ઝડપી લીધા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

વિસાવદર પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડી દુધાળા ગામ ખાંભડા નેસ જવાના રસ્તા ઉપરથી જાહેરમાં જુગાર રમતા કાળુભાઈ નુરમહમદભાઈ, મનુભાઈ નાજાભાઈ, રતીભાઈ ગગજીભાઈ, મથુરભાઈ સીલાભાઈ, રવજીભાઈ ધરમશીભાઈ વિગેરેને કુલ રૂા.૧૦,૬૩૫ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

સૌથી જુનુ અને અનુભવી શિક્ષણનું પરબ એટલે

"યુનિવર્સલ ગૃપ ટયુશન"

નિવૃત શિક્ષક અગ્રાવત સર દ્વારા સંચાલીત

**યુનિવર્સલ ગ્રુપ ટયુશન**

પ્રથમ સત્રનાં PR કરતા વાર્ષિક પરીક્ષામાં વધુ PR લાવવા આજે જ એડમીશન મેળવો.

**એડમીશન પ્રક્રિયા ચાલુ છે**

- મારે ભણવું છે સૌથી જુના તથા ૪ પેઢીનાં અનુભવી ટયુશન કલાસમાં જ..
- માટે જ તો શાળા ગમે તે ચાલે પરંતુ ટયુશન તો યુનિવર્સલનું જ
- દરેક વર્ગમાં મર્યાદીત સંખ્યા રાખતા હોવાને લીધે પ્રથમ સત્રમા જે બાળકો એડમીશનથી વંચીત રહયા છે તેઓ આજે જ ટયુશનની મુલાકાત લે

ધો. ૮ થી ૧૨ (આર્ટસ / કોમર્સ)માં એડમીશન ચાલુ છે

એકતાનગર સોસાયટી, તુલજા ભવાની ૨૪ કલાક મેડીકલ વાળી શેરી, ટીંબાવાડી, જૂનાગઢ.

મો. ૯૮૭૯૭ ૮૮૮૯૧ / ૭૮૭૮૧ ૮૨૧૩૨

